# લિકાઉલ્લાહ

: ગુજરાતી અનુવાદ :

સૈયદ મુહમ્મદ ફાઝિલ બુખારી,

આઈ.એ.એસ. (નિવૃત્ત)

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| ૧) | અનુવાદકનું નિવેદન | ૬ |
| ૨) | આમુખ | ૧૩ |
| | ઋણ સ્વીકાર | ૧૭ |
| ૩) | આછી રૂપરેખા | ૨૦ |
| ૪) | મૃત્યુ પહેલાં જીવન : | ૨૩ |
| | તકલીફ : | ૨૫ |
| | જ્ઞાન અને ધાર્મિકતા (તકવા) : | ૨૮ |
| | ઈમાનની રક્ષા : | ૩૧ |
| | વસીયહ (વસિયતનામું) : | ૩૩ |
| ૫) | પ્રયાણ - મૃત્યુ માટેની પૂર્વ તૈયારી : | ૩૬ |
| | હક્કુલ્લાહ : | ૩૮ |
| | રદ્દે-મઝાલિમ : | ૩૯ |
| | હુકૂકુન્નાસ-(લોકોના હક) : | ૪૦ |


 amillibrary.com

| | | |
|---|---|---|
| | દેવું-કર્ઝ : | ૪૩ |
| ૬) | મલેકુલ-મૌતનું આગમન - સકરાતના આદાબ : | ૪૪ |
| | સકરાતુલ મૌત દરમિયાન : | ૫૦ |
| | રૂહનું નીકળવું-(કબ્ઝ થવું) : | ૫૨ |
| | રૂહ નીકળી જાય તે પછી તરત જ શું કરવું જોઈએ ? | ૫૩ |
| | તે પછી શું કરવું જોઈએ ? | ૫૫ |
| ૭) | મૃત્યુ પછી | ૫૭ |
| | કફન (પહેરાવવું) : | ૭૪ |
| | જનાઝો અને સલાતુલ મૈયિત : | ૮૪ |
| | તદફીન (દફનવિધિ) : | ૯૭ |
| | તલ્કીન : | ૧૦૦ |
| ૮) | તે પછી શું ? | ૧૨૧ |
| | સામાન્ય રીતે પૂછવામાં આવતાં-મનમાં ઉદભવતાં કેટલાંક પ્રશ્નો | ૧૪૨ |

# લિકાઉલ્લાહ

## ચઅલ્લાહ સાથે મુલાકાત

## ૧) અનુવાદકનું નિવેદન

એક દિવસ મૌલાના ગરવી સાહેબે મને એક પુસ્તિકાનો ગુજરાતી અનુવાદ કરી આપવાનો અનુરોધ કર્યો અને મેં મારી શું હેસિયત છે તેનો વિચાર કર્યા વગર જોશમાં અને જોશમાં ‘હા’ કહી દીધી અને પરિણામ આપના હાથમાં છે.

આ અનુવાદ આપના હાથમાં મૂકતાં પહેલા હું એ હકીકતનો એકરાર કરી લેવાનું મુનાસિબ ગણું છું કે આ મારો પ્રથમ પ્રયત્ન છે. ચોંત્રીસ વર્ષની લાંબી સરકારી નોકરીમાં અંગ્રેજીથી ગુજરાતી અને ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનેક વખત અનુવાદો કરવા પડ્યાં છે, પરંતુ ત્યાં ભાષા વહીવટની હતી. તે પરિસ્થિતિ અને આ પરિસ્થિતિમાં જમીન

આસમાનનો ફેર છે. તદ્ઉપરાંત આ અનુવાદમાં મઝહબી જવાબદારી પણ ઉપસ્થિત થાય છે. ખોટી રીતે અનુવાદ ન થઈ જાય, અર્થનો અનર્થ ન થાય તેની કાળજી સતત એક-એક વાક્યમાં રાખવાની જરૂર હતી. ગુજરાતી અનુવાદની ભાષામાં પણ ભરખમ શબ્દ પ્રયોગો ન થઈ જાય તે જોવાનું હતું. સાહિત્યિક અલંકૃત ગુજરાતી ભાષા ઉપરનો પ્રભુત્વ બતાવવનો પ્રસંગ નહોતો, આપણે ત્યાં સામાન્ય રીતે 'શીઆ મુસ્લીમ' સમાજમાં જે ગુજરાતી ભાષા બોલાય છે - સમજી શકાય છે - તે ભાષાનો જ પ્રયોગ થાય તે વાત સતત નજર સમક્ષ રાખવાની થતી હતી.

તેથી શાબ્દિક અનુવાદની પધ્ધતિ અપનાવવાને બદલે મૂળ લેખક શું કહેવા માંગે છે તે સમજી ભાવનાત્મક અનુવાદની પધ્ધતિ અપનાવી છે. ટૂંકમાં મૂળ લેખકના વિચારને તેના

શબ્દો, શબ્દ- પ્રયોગો - વાક્યપ્રયોગોને વળગી રહ્યા વગર તે શું કહેવા માંગે છે તે વસ્તુ સીધી-સાદી, આપણે ત્યાં પ્રચલિત છે તેવી ગુજરાતી ભાષામાં મૂકવા પ્રયત્ન કર્યો છે.

જ્યાં જ્યાં કુરઆને શરીફની આયતનું ભાષાંતર મૂળ પુસ્તકમાં અંગ્રેજીમાં છે ત્યાં પણ તે ભાષાંતર, મૌલાના સૈયદ ફરમાનઅલી સાહેબ અને મૌલાના સૈયદ મુહમ્મદ સાદિક સાહેબના બે ઉર્દૂ તરજુમા સાથે સરખાવી તે આયતનું ગુજરાતી ભાષાંતર રજુ કરવા પ્રયત્ન કર્યો છે.

મસાઈલનો સંબંધ છે ત્યાં સુધી મૂળ લેખકના વર્ણનને આયતુલ્લાહ સીસ્તાની સાહેબની તવઝીહુલ મસાઈલ (ઉર્દૂ અનુવાદ)અને કેટલીક જગ્યાએ “તોહફતુલ અવામ” સાથે પણ સરખાવી જોયો છે. જો કે પુસ્તકના આ ફકરાઓ મૌલાના ગરવી સાહેબને પણ વાંચી સંભળાવ્યાં છે અને

તેમની પાસેથી પણ “તવસીક” મેળવવામાં આવી છે. તદ્ઉપરાંત જરૂર જણાઈ ત્યાં મૌલાના શયખ મુહમ્મદ હસન સાહબ ‘નજફી’ મુજતહિદ (તા.સ.)ની ગુજરાતી લીપીમાં પ્રકાશિત ઉર્દૂ પુસ્તિકા “અહકામે મય્યિત” નો પણ લાભ લેવામાં આવેલ છે. ખાસ કરીને નમાઝે જનાઝા અને તલ્કીનના અરબીના ગુજરાતી લીપિયાંતરમાં શયખ નજફીની ઉપરોક્ત પુસ્તિકાના ગુજરાતી લીપિયાંતરનો છૂટથી ઉપયોગ કર્યો છે.

ગુજરાતીના સોફ્ટવેરની મર્યાદાને કારણે અરબી ભાષાના કાફ-અયન-હે વિગેરે અરબી મૂળાક્ષરોને ગુજરાતી લીપિયાંતરમાં યોગ્ય રીતે મૂકી શકાયા નથી. કોઈ જણકાર પાસે ખરા ઉચ્ચારણો (સહીહ-તલફફુઝ) શીખી લેવું જરૂરી છે. વાચકમિત્રોને આ વાતનું ધ્યાન રાખવા વિનંતી છે.

એક બાબતનો ઉલ્લેખ હું ખાસ કરવા માંગું છું. મૈયત - ગુસ્લ - કફન - દફનવિધી વિગેરે એવી બાબતો છે કે જે ફક્ત વાંચવાથી સંપૂર્ણપણે જાણી શકાતી નથી. તેમાં "પુસ્તિકયું" જ્ઞાન ન ચાલે. હું દરેક સમાજના યુવાનોને વિનંતી કરૂ છું કે આપના સમાજ- મહોલ્લા-ગામમાં આ બાબતોના જાણકાર જે લોકો છે તેમની પાસેથી આ તમામ વિધિઓનું "પ્રેક્ટીકલ" જ્ઞાન મેળવે. એક વખત આંખે જોવું તે દશ વખત વાંચવા કરતાં વધારે ઉપયોગી છે. આ વિધિઓના જે જાણકાર લોકો છે તેમને પણ વિનંતી કરૂં છું કે તેઓ પણ પોતાના હાથ નીચે, દેખરેખમાં એક બીજી પેઢી (સેકન્ડ લાઈન)ને તૈયાર કરે. હવે આ પુસ્તિકા વિશે બે શબ્દો. આ પુસ્તિકા મૃત્યુ પછીની વિધિઓ - મૈયતના ગુસ્લ-કફન-દફનવિધિ- ફક્ત એટલી બાબતોના વિષયને જ આવરી લેતી નથી. પુસ્તિકાની વિષય વસ્તુનો ફલક તેના કરતાં

વિશાળ છે. તેના શિર્ષક ઉપરથી જાહેર થાય છે તેમ વ્યક્તિને અલ્લાહ સાથેની મુલાકાત-તેના અનંત જીવન કાળમાં પ્રવેશ અને તે માટેની વ્યક્તિની તૈયારીઓ, એ વિષયો આ પુસ્તિકાના કેન્દ્રસ્થાને છે. મૃત્યુ પછી શબનું શું કરવું જોઈએ, ગુસ્લ-કફન-દફનવિધી - એ બાબતોની વિગતવાર ચર્ચા આ પુસ્તિકામાં જરૂર છે. પરંતુ મારા મત પ્રમાણે આ ચર્ચા એક સહધર્મી ભાઈ તરીકે આપણી શું ફરજ છે તે દર્શાવવા માટે છે. પુસ્તિકાનું મુખ્ય વિષયવસ્તુ મૃત્યુ પછીના જીવન માટે આપણે શું તૈયારી કરવી જોઈએ તેના ઉપર કેન્દ્રિત છે. તેથી મસાઈલ વર્ણવતી એક પુસ્તિકા કરતાં આ પુસ્તિકાનું મહત્વ ઘણું વધારે છે.

આ અનુવાદમાં જે ખામીઓ જણાય તેનાથી મને વાકેફ કરવા ખાસ નમ્ર વિનંતી જેથી હું મારી ભૂલોને સુધારી શકું.

અને અંતમાં મારા વાલિદે બુઝુર્ગવાર મૌલાના સૈયદ સફદર હુસેન બુખારી અને મારી વાલિદા મોહંમદી બેગમ ઉર્ફે ઝેબનબીબીની રૂહોના સવાબ માટે એક સૂરએ ફાતેહા પઢવા વિનંતી.

**સૈયદ મુહમ્મદફાઝિલ બુખારી**

**(એસ.એમ.એફ. બુખારી)**

**આઈ.એ.એસ. (નિવૃત્ત)**

**૧૦, ગોલ્ડનપાર્ક,**

**બીબી તળાવ પાસે,**

**વટવા, અમદાવાદ-૩૮૨૪૪૦**

# ૨) આમુખ

## બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

આ પુસ્તિકા પ્રકાશિત કરવાનો મુખ્ય હેતુ વ્યક્તિને મૃત્યુની ક્ષણ માટે તૈયાર કરવાનો છે. મૃત્યુ પહેલા, મૃત્યુની ક્ષણો દરમિયાન અને મૃત્યુ પછીના સમયગાળા માટેની આ એક માર્ગદર્શિકા છે કે જેમાં સંબંધકર્તા તમામ ધાર્મિક વિધિઓ - ગુસ્લ - મૃત આત્મા માટેની દુઆઓ અને દફનવિધિનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકા ખૂબ જ માહિતીસભર હોવા ઉપરાંત પ્રવાસમાં હોય તેવી વ્યક્તિઓ માટે પણ ખૂબ જ ઉપયોગી પુરવાર થશે. દરેક વ્યક્તિ જાણે છે કે મૃત્યુ એક અનિવાર્ય હકીકત છે. આપણા કોઈ સ્નેહીજનનું મૃત્યુ થાય છે ત્યારે આપણે સંપૂર્ણ લાચારી અનુભવીએ છીએ. જન્મની ક્ષણથી જ દરેક માનવી માટે કોઈપણ ક્ષણે, ક્યાંય

પણ મૃત્યુની સતત શકયતા રહેલી છે અને આ શક્યતા ક્યારેક હકીકતમાં તો અવશ્ય ફેરવાઈ જવાની જ છે.

“તમે ક્યાંય પણ હોવ, મૃત્યુ તમને આવીને પકડશે જ. તમે મજબૂત કિલ્લાઓમાં સંતાઈ જાવ તો પણ” [૪:૭૮]

મૃત્યુ તો શાશ્વત જીવનનું પ્રવેશદ્વાર માત્ર છે. મૃત્યુ આવી પહોંચે ત્યારે આપણે અલ્લાહના આદેશના તાબે થઈ જવાનું હોય છે અને આપણાં સતકર્મો સાથે અલ્લાહને મળવા જઈ શકીએ તેવા પ્રયત્નો કરવાના હોય છે.

અને જે વ્યક્તિ “અલ્લાહ”થી મુલાકાતની ઈચ્છા ધરાવતો હોય (એટલે જે એવો વિશ્વાસ ધરાવતો હોય કે એક દિવસ અલ્લાહ સમક્ષ હાજર થવાનું જ છે) તો તેણે સદકર્મો કરવા જોઈએ અને

પોતાના પરવરદિગારની ઈબાદતમાં કોઈને શરીક કરવો જોઈએ નહીં." [૧૮:૧૧૦]

દરેક જીવાત્માને મૃત્યુનો સ્વાદ તો ચાખવાનો જ છે." [૩:૧૮૫]

સર વોલ્ટર સ્કોટના કહેવા પ્રમાણે "શું મૃત્યુ એ અંતિમ ઊંઘ છે ? ના, એ તો અંતિમ જાગરણ છે."

અને આપણાં પવિત્ર પયગમ્બર સાહેબ (સ.અ.વ.)ની હદીસ મુજબ તો "લોકો તો મૃતાવસ્થામાં જ હોય છે અને જ્યારે તે મૃત્યુ પામે છે ત્યારે (તે ખરેખર તો) જાગી ઉઠે છે."

એવું પણ કહેવાયું છે કે "જીવન એ ઉંઘની એક સ્થિતિ છે અને મૃત્યુ એ જાગરણની એક સ્થિતિ છે અને માનવી એ બંનેની વચ્ચે રાત્રી પ્રવાસ કરતાં ફેન્ટમની જેમ છે."

આયત ૩૯:૪૨ માં એવું વર્ણન છે કે "સૃષ્ટિના સર્જન કરનારે આ એક વિચિત્ર સંયોગનું

સર્જન કર્યું છે કે મનુષ્યને બે તત્વોના સંયોજનમાંથી બનાવ્યો છે.

બે તત્વોમાંથી એક ઘન છે અને બીજો સુક્ષ્મ છે પછી જીવનનું રહસ્ય એવું રાખ્યું કે આ જગતના જીવનનો આધાર સુક્ષ્મ તત્વ ઉપર છે. પરંતુ સુક્ષ્મ જીવન (મૃત્યુ પછીના જીવન)નો આધાર આ જગતના તત્વ ઉપર રાખ્યો નથી. જાણે આ એક એવી હકીકત તરફ અંગૂલીનિર્દેશ કરે છે કે માનવતાનો આધાર આધ્યાત્મિકતા ઉપર છે અને આ જગતનું કોઈ અર્થપૂર્ણ અસ્તિત્વ નથી."

અમને આશા છે કે આ પુસ્તિકા તેના પ્રકાશનના હેતુને સિધ્ધ કરશે અને વાચકો તેનો પૂરેપૂરો લાભ લેશે.

ડાp. જાફર એ. તિજાની

આ પુસ્તિકા અંગ્રેજી અને સ્વાહિલી ભાષામાં પ્રસિધ્ધ થઈ ચૂકી છે અને ઈન્શાઅલ્લાહ ટૂંક

સમયમાં ફ્રેંચ અને ઉર્દૂ ભાષાંતર પણ પ્રકાશિત થશે.

## ઋણ સ્વીકાર

**(મૂળ અંગ્રેજી પુસ્તિકામાંથી)**

અમે હ્રદયપૂર્વક ઋણી છીએ :- સાઉથ લંડનના મૌલાના મુખ્તાર અબ્બાસ સાહેબના જેમણે આ પુસ્તિકાના સંકલનમાં શરૂઆતના તબક્કેથી મદદ કરી છે.

- ડો. જાફર એ. તિજાનીના - પ્રૂફરીડિંગ અને ઝીણવટભર્યા સુધારા-વધારા માટે.

- શ્રીમતિ સાજિદા એસ. તિજાનીના - ટાઈપ સેટિંગ માટે

- અને ભાઈ બશીર હૈદરઅલીના - કવર ડિઝાઈન માટે.

'આછી રૂપરેખા'ના પ્રકરણમાં નોંધવામાં આવ્યું છે તે પ્રમાણે મર્હુમા મરઝિયાબાઈ દાતૂ આ પુસ્તિકાનું સંકલન કરવા પાછળના પ્રેરકબળ હતા - મારા કુટુંબીજનો અને મિત્રોનો પણ આ તબક્કે તેમની દીર્ઘદૃષ્ટિ માટે અને મને આ પુસ્તિકાના સંકલનકાર્યમાં તેમણે સમયનો જે ભોગ આપ્યો છે તે માટે ઋણી છું.

મેં મર્હુમાની ઈચ્છા પ્રમાણે આ પુસ્તિકાના વિષયોની આછી રૂપરેખા અને તેની સામગ્રી તૈયાર કરીને પછી મારા ભાઈ ગુલામરિઝાઅલી દીનાએ પ્રથમ સુધારાવધારા કરી આપેલ, તે પછી મૌલાના મુખ્તાર અબ્બાસ સાહેબે આ પુસ્તિકામાં પીરસવામાં આવેલ સામગ્રી આપણી શરીઅત પ્રમાણે ખરી છે કે નહી તે બાબતની ચકાસણી કરી આપી હતી.

હું મારા પિતરાઈ ભાઈ ડો. જાફર તિજાની અને તેમના ધર્મપત્નિ નસીમ તિજાનીનો પણ

હ્રદયપૂર્વક આભારી છું જેમણે ખૂબ જ જહેમત લઈને દુઆઓ અને કુરઆને શરીફની આયતોના લીપિયાંતરનો એક એક શબ્દ ચકાસીને સુધાર્યો છે. આ પુસ્તિકા આપના હાથ સુધી પહોંચે તે માટે જેમણે પણ યોગદાન આપ્યું છે અલ્લાહ-તબારક-વ-તઆલા પોતાના અઢળક ફઝલો-કરમથી તેમને નવાઝે અને મારી પણ હ્રદયપૂર્વકની દુઆઓ - જઝાકોમુલ્લાહ ખૈર.

અલ્લાહ આપણને સત્યના માર્ગે (સિરાતે-મુસ્તકીમ તરફ) દોરે અને આપણે “લિકાઉલ્લાહ” માટેનું જ્ઞાન, દૃષ્ટિ અને સમજણ કેળવીએ - મેળવીએ.

સર્વશક્તિશાળી અલ્લાહ અમારી આ નમ્ર અરજને સ્વીકારે અને અમને આવા બીજા પ્રયાસો કરવા તવફીક આપે... આમીન...

**અશરફ સોમજી**

# ૩) આછી રૂપરેખા

જીવન એ “અલ્લાહ”ની એક ભેટ છે. એ તો એક એવું ખેતર છે કે જેમાં બિયારણ વાવવામાં આવે છે, સિંચાઈ કરવામાં આવે છે, કાળજી લેવામાં આવે છે, કાટછાંટ કરવામાં આવે છે અને સતકર્મોની રોપણી કરવામાં આવે છે. તમને લળણીમાં શું મળશે તેનું વર્ણન હવે પછી આવશે.

આ તબક્કામાં આપણે જન્મથી મૃત્યુ સુધીના જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થઈએ છીએ. અલ્લાહ આપણને જુદા જુદા પ્રકારના લોકોની મુલાકાતની તક આપે છે જે પૈકીના કેટલાંક આપણાં માનસ ઉપર પોતાની યાદગીરીઓની નિશાનીઓ છોડી જાય છે.

મર્હુમા મરઝિયાબાઈ દાતુ અમારી જમાતના એક એવા સભ્ય હતાં જેમણે પોતાના

જીવનને અલ્લાહની મખ્લૂકની સેવામાં સમર્પી દીધી હતી. આ પુસ્તિકા તેમના સ્મરણાર્થે છે. દરેકને લાભદાયી થાય તેવી આ વિષય પરની એક પુસ્તિકા પ્રકાશિત કરવાની તેમની દૃષ્ટિ હતી, કારણ કે આપણે એક દિવસ અલ્લાહની પાસે પરત જવા માટે જ આ જગતમાં આવ્યા છીએ.

ચાલો, આપણે મૃત્યુને એક હકારાત્મક દૃષ્ટિથી જોવા અને સમજવા પ્રયત્ન કરીએ. આપણી રોજબરોજની જીંદગીમાં આપણે કોઈ અગત્યની વ્યક્તિને મળવા માટે કલાકોના કલાકો લગાડી દઈએ છીએ. આ તો અલ્લાહ સાથેની અનંતકાળ તરફ દોરી જતી મુલાકાત છે અને આપણો કોઈ સાથી ગુજરી જાય છે ત્યારે આપણે બોલી ઉઠીએ છીએ કે તે અલ્લાહની રહેમતમાં પહોંચી ગયો.

કોઈપણ ક્ષણે આવી જનાર મૃત્યુની ક્ષણ માટે દરેકને તૈયાર કરવાની દિશામાં આ પુસ્તિકા એક નમ્ર પ્રયાસ છે. આ પુસ્તિકામાં મૂકવામાં આવેલી સામગ્રી, શક્તિ અને માર્ગદર્શનના એક સ્ત્રોતની ગરજ સારશે તેવી અપેક્ષા છે. આપણાં સાથી માનવબંધુના જીવનમાં અને તેના મૃત્યુ પછી પણ તેના કેટલાંક હકો આપણાં ઉપર છે.

અલ્લાહ તબારક-વ-તઆલા આ નમ્ર પ્રયાસનો સવાબ મર્હુમા મરઝિયાબાઈ દાતૂને અતા ફરમાવે અને એ લોકોના મરહૂમીનને પણ કે જેમણે આ પુસ્તિકાના પ્રકાશનમાં કોઈપણ પ્રકારે કોઈ ફાળો આપ્યો છે.

(ઈલાહી આમીન - જઝાકલ્લાહે ખયરા)

એક વખત સૂરહે ફાતિહા અને ત્રણ વખત સૂરએ ઈખ્લાસ પઢીને તમામ મરહૂમ મોઅમેનીન અને મોઅમેનાતને બખ્શી આપવા વિનંતી છે.

## ૪) મૃત્યુ પહેલાં જીવન :

**સૂરા-મોઅમેનૂનની આયત ૧૧૫-૧૧૮ માં છે કે :-**

"શું તમે એમ સમજો છો કે અમે તમને એમ જ બેકાર પેદા કર્યા છે ? અને તમને અમારી સમક્ષ પાછા બોલાવવામાં નહીં આવે ? અલ્લાહ તો સાચો બાદશાહ છે અને તેના સિવાય બીજો કોઈ બંદગીને લાયક નથી અને તે જ મહાન અર્શનો માલિક છે.

અને જે કોઈ અલ્લાહ સાથે બીજા કોઈને શરીક બનાવે છે તેની પાસે તેની કોઈ દલીલ નથી. અને (છેવટે તો) તેનો હિસાબ કિતાબ તેના પરવરદિગાર પાસે જ થશે અને એ પણ નિશ્ચિત છે કે કાફિરો ને ફલાહ (ઉન્નતિ) મળવાની નથી.

તેથી કહો : "હે મારા રબ મને બખ્શી દે અને મારી ઉપર દયા કર અને તું જ દયા કરવાવાળાઓમાં સર્વ શ્રેષ્ઠ છે."

**સૂરા ફાતિરની આયત ૧૧ માં છે કે :-**

“અને અલ્લાહે (સૌ પ્રથમ) તમને માટીથી પેદા કર્યા પછી એક જીવંત જીવાણુમાંથી અને તમને (નર-માદાના) યુગલ બનાવ્યાં અને તેની જાણ (અને તેની મરજી) વગર કોઈ સ્ત્રી ન તો ગર્ભ ધારણ કરી શકે છે, ન તો બાળકને જન્મ આપી શકે છે, ન તો કોઈનું આયુષ્ય વધારી આપવામાં આવે છે કે ન તો તેને ટૂંકાવી દેવામાં આવે છે. પરંતુ એ કિતાબ (લવહે મેહફૂઝ) માં જરૂર છે અને નિ:શંક એ અલ્લાહ માટે તો તદ્દન સહેલું છે.”

“સૂરએ યાસીન” આયત ૭૭ માં છે કે “મનુષ્ય શું એ નથી વિચારતો કે “અમે” તેને એક સુક્ષ્મ જીવાણુમાંથી પેદા કર્યો છે અને તે અચાનક ખુલ્લી રીતે અમારા મુકાબલામાં આવી ગયો છે.”

આપણે માટી સિવાય કશું નથી અને છેવટે તો માટીમાં જ ભળી જવાના છીએ. જો એ નિશ્ચિત

હોય કે આપણે અલ્લાહની તરફ જ પાછા જવાનું છે તો આપણે (આ જગતમાંથી) શું લઈ જવાનું છે ?

આપણાં "અઈમ્મા" (અ.સ.)ની અહાદીસનો સાર આપણને અત્યંત ખરાબ પરિસ્થિતિમાં પણ નમ્રતા અને દયાનો બોધ આપે છે.

## તકલીદ :

તકલીદ એટલે મુજતહિદના અહકામ ઉપર અમલ કરવો. સાચા "મુજતહિદ" અને "આઅલમ" (સૌથી મહાન વિદ્વાન) આપણા સંરક્ષકો અને માર્ગદર્શકો છે. તેઓ આપણે જેમની પ્રતિક્ષા કરીએ છીએ તે ઈમામ મેંહદી (અજ)ના પ્રતિનિધિઓ છે.

એક સાદું યંત્ર હોય તો પણ તેને લગતી થોડાક પાનાઓની "સૂચના પુસ્તિકા" કે મેન્યુલ હોય છે. તે શા માટે હોય છે ? તેની શી જરૂર છે ? આપણે તો તે યંત્રની કાર્ય પધ્ધતિથી જાણકાર છીએ.

આપણી બુદ્ધિ આપણને સલાહ આપશે કે તે યંત્રના યોગ્ય ઉપયોગ-તેના દિર્ધાયુષ્ય માટે આવી સૂચના પુસ્તિકા જરૂરી છે, જેથી તેનો યોગ્ય રીતે ઉપયોગ થઈ શકે.

આપણાં પયગમ્બર સાહેબ (સ.અ.વ.) પોતાની ઉમ્મતના (માર્ગદર્શન) માટે "કુરઆન" અને "અહલેબૈત"ને પોતાની પાછળ મૂકીને ગયાં છે. ઈસ્લામના એ બે મહાન મહામૂલ્ય વારસાને સમજવાની અને તેનો યોગ્ય રીતે અભ્યાસ કરવાની યોગ્ય લાયકાત આપણામાંથી કેટલામાં છે ? આ આપણા સાચા "મુજતહેદીન"ની નિ:સ્વાર્થ સેવા અને સર્મપણની ભાવના છે કે તેઓ એક સરળ "તવઝીહુલ-મસાઈલ" આપણને અપર્ણ કરે છે જેના ઉપર અમલ કરીને આપણે "કુરૂએ-દીન"ને અનુસરી શકીએ છીએ. એટલે "તકલીદ" આપણાં બધાંને માટે

ફરજિયાત બનાવવામાં આવી છે, તેના વગર આપણાં તમામ આઅમાલ વ્યર્થ છે.

**નોંધ** : “ઉસૂલેદીન” માં “તકલીદ” નથી. અલ્લાહ એક છે તે બાબત (વહદાનિયત-એકેશ્વરવાદ) અને તેના ન્યાયી હોવાની બાબત (અદાલત) તેણે પોતે પસંદ કરેલા અને તમારી સમક્ષ મોકલેલ પયગમ્બરો અને ઈમામોને સ્વીકારો, પૂરી શ્રદ્ધા સાથે તે દિવસની જાણકારી કે જે દિવસે સર્વશક્તિશાળી અલ્લાહ આપણને બધાંને એકત્ર કરી આપણી આખી જીંદગીનો હિસાબ કિતાબ લેશે. એ તમામ બાબતોને પોતે સમજથી અને બુધ્ધિથી સમજો અને સ્વીકારો. આ સમજશક્તિ જેટલી વધારે તેટલી ફુરૂએ દીન (દીનના મૂળ)ની સમજ વધારે થશે.

## જ્ઞાન અને ધાર્મિકતા (તકવા) :

**પવિત્ર કુઆર્નની “સૂરએ-તકાસૂર” ની આયત ૫-૮ માં છે કે :-**

“ના ! તમને પૂરા યકીન સાથે જ્ઞાન મળી જાય તો તમે જરૂર નર્ક (જહન્નત)ને જોશો. હા તમે એને (નર્કને) યકીનની આંખથી જોશો અને તે દિવસે તમારી પાસેથી (અલ્લાહની) નેઅમતોનો હિસાબ લેવામાં આવશે.

આપણા માટે મૂળભૂત અને પાયાનો સિધ્ધાંત “ગાયબ”ની સમજણ અને તેમાં શ્રધ્ધા રાખવાનો છે. “સૂરએ બકરહ”માં કહેવામાં આવ્યું છે કે :-

“અલિફ-લામ-મીમ-આએ કિતાબ છે જે અંગે શંકાને કોઈ સ્થાન નથી અને અલ્લાહથી ડરીને ચાલનારાઓ માટે (મુત્તકીન માટે) આ માર્ગદર્શક છે

અને જે “ગયબ” (અદૃશ્ય)માં શ્રધ્ધા રાખે છે અને નમાઝ કાયમ કરે છે અને “અમે” તેમને આપ્યું છે તેમાંથી (અલ્લાહના માર્ગે) ખર્ચ કરે છે અને જે કાંઈ તમારા ઉપર અને તમારાથી પહેલાં (ના પયગમ્બરો ઉપર) નાઝિલ કરવામાં આવ્યું છે, તેમાં શ્રધ્ધા રાખે છે અને તેઓજ “આખેરત”માં પણ યકીન રાખે છે.

(ગયબમાં યકીનનો અર્થ અલ્લાહના વજુદ-ફરિશ્તાઓ-જિન્નાત-દોજખ-જન્નત-અને આપણાં બારમા ઈમામ મુહમ્મદ-અલ-મેંહદી (અજ) કે જે જીવિત છે પરંતુ અદૃશ્ય છે (નોંધ : કે જેમને આપણે જોઈ શકતાં નથી પરંતુ તેઓ આપણને હરહંમેશ જોતાં રહે છે.) અને તે કયામતના દિવસ પહેલાં અવશ્ય (ગાયબની અવસ્થામાંથી) પાછા ફરશે, ઝુહુર ફરમાવશે, તે જે દરેકે દરેક વ્યક્તિ જોશે, એ તમામમાં યકીન રાખવું તે જ છે.)

ઉપરની આયતને નજરમાં રાખીએ તો એ સ્વીકારવું પડે કે આપણા દરેકે દરેક કૃત્ય (અમલ)નો હિસાબ લેવાશે કેમ કે અલ્લાહ તબારક-વ-તઆલા હરહંમેશ આપણને જોઈ રહ્યો છે. સૂરએ “એઅરાફ” ની આયત ૨૬ માં છે કે ક્ક:- “હે આદમની ઔલાદ ! અમે તમારા માટે વસ્ત્ર (લિબાસ) મોકલ્યું કે જે તમારા સંતાડવા પાત્ર અંગોને (સત્રને) સંતાડે છે અને તમારી શોભામાં પણ વૃદ્ધિ કરે છે. અને “પરહેઝગારીનું વસ્ત્ર” કે જે તો સર્વશ્રેષ્ઠ (વસ્ત્ર) છે અને આ વસ્ત્ર પણ અલ્લાહની નિશાનીઓ પૈકી છે, જેથી લોકો નસીહત હાંસલ કરે.”

**નોંધ** : અત્રે એ નોંધવું જોઈએ કે આ આયતમાં સંબોધન “આદમની ઔલાદ” (એટલે સર્વ માનવજાત)નો છે. નહીં કે ફક્ત ઈમાનવાળાનો.

## ઈમાનની રક્ષા :

આપણા અઈમ્મા (અ.સ.)ની અહાદીસ પ્રમાણે ખાસ કરીને જેમની રાહ જોવામાં આવી રહી છે તે ઈમામ (અજ)ના ઝુહૂર પહેલાંના છેલ્લા દિવસોમાં "ઈમાનની રક્ષા" ધગધગતો અંગારો હાથમાં પકડી લેવા જેવું છે. તેમણે એવી પણ ચેતવણી ઉચ્ચારી છે કે "શિર્ક" (અલ્લાહની જાત સાથે અન્યને શામેલ કરવું તે) એક કાળી કીડીની જેમ છે જે ઘોર અંધારી રાતે કાળા ખડગ ઉપર લપાતી છુપાતી આગળ વધે છે. આ એક એવું સૌથી મોટું પાપ છે કે જેને અલ્લાહ કદી પણ માફ કરતો નથી. આપણને આ બાબત અંગે પણ ચેતવણી આપવામાં આવી છે કે ઈર્ષા એ શ્રધ્ધા (ઈમાન)ને એવી રીતે ખાઈ જાય છે જેવી રીતે આગ સૂકી ડાંખળીને બાળી મૂકે છે.

ગુનાઓથી આપણી રક્ષાને કાજે આપણા અઈમ્મા (અ.સ.)એ આપણને ઘણી દુઆઓ શિખવાડી છે, જેમાં કેટલીક નીચે મુજબ છે.

**અ : "રબ્બે ઝિદની ઈલ્મન-વ-ઈમાનન-વ-યકીનન-વ-અકલન કામિલન-વ-કલ્બન મુનવ્વરા"**

**બ : યા અલ્લાહ-યા રહેમાન-યારહીમ-યા મુકલ્લિબલ કુલૂબ સબ્બિત કલ્બી અલા દીનિક."**

**ક : અલ્લા-હુમ્મર-ઝુકનીત્તજાફીયા અન દારિલ ગુરૂર. વ લ ઈનાબતા ઈલાદારિલ ખુલૂદ. વલ ઈસ્તેઅદાદા લિલ મવ્તે કબલા હુલૂલિલ ફવ્તે.**

(હે-અલ્લાહ-મને-મારા હૃદયને આ ક્ષણભંગૂર અને ઘમંડી જગતથી અલિપ્ત-વિરકત રાખ અને અનંત આશ્રયસ્થાનથી આસક્ત રાખ અને મૃત્યુ મને પકડી પાડે તે પહેલા મને તે ક્ષણની તૈયારી કરી લેવામાં મારી મદદ ફરમાવ.)

ડ : "દુઆએ અદીલા" ના અંતભાગનું રટણ કરતા રહો એટલે કે રઝીતો બિલ્લાહે રબ્બા.....

## વસીયહ (વસિયતનામું) :

આ અંગે ખૂબજ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિએ પોતાનું અંતિમ વસિયતનામું પોતાના જીવનમાં જ તૈયાર કરી લેવું જોઈએ. આપણાં નબીયે અકરમ હઝરત મુહમ્મદ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે :

"પોતાના ઓશિકા નીચે પોતાનું અંતિમ વસીયાતનામું રાખ્યા વગર બે રાત્રીઓ પણ પસાર કરવી તે એક મુસ્લિમ માટે યોગ્ય નથી, અને જે વ્યક્તિ (પુરૂષ કે સ્ત્રી) વસિયત કર્યા પછી મૃત્યુ પામે તેનું મૃત્યુ એવું છે કે જાણે શહીદ મર્યો હોય."

ઈસ્લામી વસિયતનામું વ્યક્તિના વીમાની જેમ છે. તમને તમારી સંપત્તિમાં ૧/3 ભાગનો

અધિકાર છે. સંપત્તિના ૨/૩ ભાગ જાઅફરી ફિકહ મુજબ વહેંચી દઈને બાકીના ૧/૩ ભાગનો ઉપયોગ એવી રીતે કરવો જોઈએ કે - જે તે વ્યક્તિના મૃત્યુ પછી પણ “ચાલુ બેંક બેલેન્સ” ની ગરજ સારે.

અલ્લાહ પોતાની પાસે આપણને બોલાવી લે તે પહેલાં આપણે વધારેમાં વધારે સતકર્મો (સારા કાર્યો) કરી તેનો સંગ્રહ કરી લેવો જોઈએ. આપણા પવિત્ર પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.)ના જીવનકાળનો એક પ્રસંગ છે કે તેમને એક આખો ઓરડો ભરીને ખજુરો એક વ્યક્તિના મૃત્યુ પછી વહેંચવા માટે સોંપવામાં આવી. તે વિનંતી પૂર્ણ કર્યા પછી તેમણે (બાકી રહી ગયેલ) એક બગડી ગયેલ ખજુર ઉપાડીને ફરમાવ્યું કે “જો મરનાર વ્યક્તિએ આ (બગડી ગયેલ) ખજુર પણ પોતાના સ્વહસ્તે આપી દીધી હોત તો તેના મૃત્યુ પછીના આ સદકા કરતાં ઉત્તમ હોત.”

અલ્લાહ તબારક-વ-તઆલાની આ એક કૃપા છે કે તે આપણા મૃત્યુ પછી પણ નીચેની બાબતોનો ફાયદો અને સવાબ આપણને બખ્શે છે :

**૧. શ્રધ્ધાળુ (મુત્તકી) અને આજ્ઞાંકિત બાળક**

**૨. કુવાઓ ખોદાવવા જેથી તેના મૃત્યુ પછી પણ લોકો તેનો લાભ ઉઠાવે.**

**૩. વૃક્ષારોપણ : એણે પોતાની જિંદગીમાં ઉગાડ્યાં હોય અથવા જેની કિંમત તેણે ચૂકવી હોય અને જે છાંયડો અથવા ફળ આપતાં હોય અને અલ્લાહની સમગ્ર મખલૂક તેનો લાભ લેતી હોય એવા વૃક્ષોનો લાભ મૃત્યુ પછી પણ તેને મળતો રહે છે.**

**૪. સારા કામો. જ્ઞાન - જે બીજાઓને આપવામાં આવ્યું હોય કે શીખવાડવામાં આવ્યું હોય અથવા અલ્લાહની મખલૂક માટે લાભદાયી હોય.**

## 3) પ્રયાણ - મૃત્યુ માટેની પૂર્વ તૈયારી :

મૃત્યુ એ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા જેવું (સ્થળાંતર) છે. આપણા પયગમ્બર સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે. "તમારૂ સર્જન હંમેશા રહેવા માટે કરવામાં આવ્યું છે, નાશ પામવા માટે નહીં, મૃત્યુ તો સ્થળાંતર માત્ર છે."

**ઈમામ હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું છે :**

"ઈમાનવાળા માટે મૃત્યુ એ એક સુંદર વસ્તુ છે કારણ કે મૃત્યુ મારફતે તે અનંત પ્રસન્નતા તરફ પ્રયાણ કરે છે, અને તકલીફદાયક "પાંજરા"થી તે મુક્તિ મેળવે છે. પરંતુ ઈમાન નહીં ધરાવનારાઓ (નાસ્તિકો, અશ્રધ્ધાળુઓ અને અમારા શત્રુઓ)ના મતે મૃત્યુ એ સખત શાપ અને દુ:ખદાયક છે. એવા માણસને તો પોતાનું સ્વર્ગ (એટલે કે આ જગત)ને

તજીને નર્કમાં જવું પડે છે કે જ્યાં હંમેશા સળગતી રહેતી અગ્નિ છે.”

મૃત્યુ ટાળી શકાય તેવું નથી. દરેક વ્યક્તિ માટે આ જગતને ત્યાગવાનો સમય અને સ્થળ નિશ્ચિત છે. ક્યાં, કેવી રીતે અને ક્યારે એ વણઉકલ્યા પ્રશ્નો છે. આપણે જ્યારે પણ નમાઝ અદા કરીએ તો આપણે એવી રીતે નમાઝ અદા કરવી જોઈએ કે જાણે આ આપણી અંતિમ નમાઝ હોય. આપણે ઉચ્ચારીએ તે દરેક શબ્દ અને આપણે કરીએ તે દરેક કૃત્ય માટે પણ આ હકીકત એટલી જ સત્ય છે. કોઈનું મન દુભવ્યું હોય તો શું તે દુભવેલ મનને રીઝવવાનો મને સમય મળશે ? મેં કરેલ કોઈ કામ શું હું વધારે સારી રીતે ન કરી શક્યો હોત ?

આપણામાંથી ઘણા લોકોએ આપણાં આપ્તજનોને “કોમા” માં સરી જઈને પથારી ઉપર

પડી રહેલા જોયા હશે ! તેઓ જીવિત હોવા છતાં જાણે મૃતપ્રાય: હોય છે. તેથી આપણે જે શબ્દો ઉચ્ચારીએ તે ઉચ્ચારતાં પહેલાં અને જે કૃત્ય કરીએ તે કરતાં પહેલાં સો વખત વિચારવું જોઈએ.

## હક્કુલ્લાહ :

વાજિબાત (અલ્લાહે આપણાં ઉપર જે કાંઈ વાજિબ-ફરજિયાત કર્યું છે તે) અલ્લાહનો આપણાં ઉપરનો હક છે. આપણી મનોભાવનાઓની શુધ્ધતા જ આપણાં તમામ કૃત્યનું રક્ષણ કવચ છે. આપણે કોઈ પણ સંજોગોમાં નમાઝ - રોઝા - હજ - ઝકાત અને ખુમ્સને કઝા ન કરવા જોઈએ. (તે દરેક વાજિબાતને સમયસર અચૂક અદા કરવા જોઈએ) આપણે નથી જાણતાં કે મૃત્યુ ક્યારે આવી જશે તેથી આપણાં વસીયતનામામાં એક અગમચેતી તરીકે

અમુક રકમ અવશ્ય આ વાજિબાતની અદાયગી માટે જુદી રાખવી જોઈએ.

## રદ્દે-મઝાલિમ :

દરેકના માટે આ એક ફળદાયી કાર્ય છે.

ભૂલ થવી તે માનવ સ્વભાવ છે. એવા ગુનાઓ કે જે યાદ પણ ન રહ્યા હોય, જેવા કે કોઈની પાસેથી પેન્સિલ જેવી તુચ્છ વસ્તુ માંગીને પરત કરવામાં ન આવી હોય, અરે ! એટલે સુધી કે કોઈને મળવા માટે વાયદો કર્યો હોય અને પાળ્યું ન હોય. આપણને યાદ ન હોય તો પણ “કિરામુન-કાતેબીન” (એ ફરિશ્તાઓ કે જે આપણાં દરેક કૃત્યની અને ઈરાદાની નોંધ રાખે છે.)એ તો તે લખી જ લીધું છે. “રદ્દે મઝાલિમ” તેમાંથી બરી થવાનો માર્ગ છે. એ રોકડમાં અથવા અન્ય સ્વરૂપે કરી શકાય છે. મરજએ તકલીદ સૈયિદ અલી સીસ્તાનીની

“તવઝીહુલ મસાઈલ” માં એની વિગતો આપવામાં આવેલી છે.

**(નોંધ** : દરેક હકદાર વ્યક્તિને તેનો હક પહોંચતો કરવો લાભદાયક હોય છે. પરંતુ લાંબા સમય પછી ઘણી બાબતો યાદ રહેતી નથી. ભવિષ્યની વેદનાથી બચવા માટે આ એક અગમચેતીનું કૃત્ય છે.)

## હુકૂકુન્નાસ-(લોકોના હક) :

દરેક વ્યક્તિ ઉપર બીજી વ્યક્તિના કેટલાંક હક હોય છે. દા.ત. મા-બાપના હક, કુટુંબના હક, આપણા ગુરૂઓના હક, પાડોશીઓના હક, મહેમાનોના હક, એટલે સુધી કે કુથલી કરવી (ગીબત કરવી), કોઈના ઉપર આરોપ મૂકવો, કોઈના વિશે શંકા કરવી - એ પણ આપણા માનવસમાજની વ્યક્તિઓના હકને અદા નહીં કરવા

સમાન છે. વિશ્વાસપાત્રતા (કોઈના ઉપર ભરોસો રાખી શકાય તે) મોમીનનો એક જરૂરી ગુણ છે. પરંતુ શું પૈસા કે વસ્તુઓની "અમાનત"ની બાબતમાં વિશ્વાસપાત્ર હોવું એ પૂરતું છે ? તો એનો જવાબ છે, ના. કોઈ એક વ્યક્તિએ બીજી કોઈ વ્યક્તિને ખાનગીમાં કોઈ વાત કરી હોય તો તેના શબ્દો પણ "અમાનત" કહેવાય ! આપણે સામાન્ય રીતે કરીએ છીએ તેમ "હું આ વાત તમને કહું છું પરંતુ તમે આ વાત બીજા કોઈને કહેતાં નહીં" એમ કહીને પણ આપણે તે વાત બીજા કોઈને કહી શકીએ નહીં.

આપણાં કર્મ માટે આપણે જ જવાબદાર છીએ. અલ્લાહના ન્યાયના દિવસે (યવમે હિસાબ) આપણી જીભ તો ચૂપ રહેશે. પરંતુ આપણાં શરીરનું દરેક અંગ (તે અંગ દ્વારા લેવામાં આવેલા કાર્યો વિશે) બોલવા લાગશે અને તે દિવસે જ દરેક

“મઝલૂમ”ને તેનો હક અપાવવામાં આવશે. તે ૫૦,૦૦૦ વરસનો એક દિવસ હશે અને તે દિવસે આપણી પાસે (કોઈ દંડ ભરવા માટે) રોકડ રકમ નહીં હોય પરંતુ આપણાં સારા કામો જ બદલામાં લેવામાં આવશે.

આપણા પવિત્ર પયગમ્બર સાહેબ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે : “જો કોઈ વ્યક્તિએ બીજી વ્યક્તિની એક વેંત જેટલી જમીન પણ દબાવી હશે તો હિસાબના દિવસે તે જમીનના સાત પડ તે વ્યક્તિની ગરદનમાં ધુંસરીની જેમ નાંખવામાં આવશે.

## દેવું-કર્ઝ :

અલ્લાહ-તબારક-વ-તઆલા પાસે શહીદનો મરતબો ઘણો ઊંચો છે. શહીદના લોહીનું પ્રથમ ટીંપુ જમીન ઉપર પડતાંની સાથે જ તેના તમામ ગુના ધોઈ નાંખે છે પરંતુ “દેવા”નો ગુનો ધોવાતો નથી.

દેવું જીવનને ટૂંકાવી દે છે. આપણે કર્ઝ તો ઘણી વખતે લેવું જ પડે છે. કર્ઝ લેતી વખતે કર્ઝ અદા કરવાનો પાકો ઈરાદો હોવો જ જોઈએ અને કર્ઝ અદા કરવાની આપણી ફરજ બજાવી લાવવા સંપૂર્ણ પ્રયત્નો કરવા પણ દરેક વ્યક્તિ બંધાયેલી છે, પરંતુ એ હકીકત પણ યાદ રાખવા જેવી છે કે પોતાનું કર્ઝ અદા નહીં કરનાર વ્યક્તિને ઉતારી પાડવું એ પણ તે વ્યક્તિના હક દબાવી લેવા જેવું છે.

# ૬) મલેકુલ-મૌતનું આગમન - સકરાતના આદાબ :

જ. ઈઝરાઈલ (મલકુલ-મૌત) દિવસમાં પાંચ વખત અઝાન અને નમાઝના સમયે આપણી મુલાકાત લે છે. સકરાત એટલે શરીરમાંથી રૂહ નીકળવાનું શરૂ થાય છે તે સમય. કેટલીક વ્યક્તિ માટે આમાં એક પળનો સમય પણ નથી લાગતો. આપણાં અઈમ્મા (અ.સ.)ની હદીસ મુજબ સકરાત ફુલ સુંઘવાની જેમ છે અને તેટલા સમયમાં તો તમે અનંતકાળમાં પ્રવેશી જાવ છો. પરંતુ કેટલાંક માટે સકરાત-કલાકો-દિવસો એટલે સુધી કે અઠવાડિયાઓ સુધી ચાલે છે અને કોઈ વ્યક્તિની રૂહ કેવી રીતે કાઢવી તે અલ્લાહ તબારક-વ-તઆલા જ નક્કી કરીને જ. ઈઝરાઈલને હુકમ આપે છે.

**નોંધ** : ઘણી વખતે અલ્લાહ તબારક-વ-તઆલા પોતાના દયાભાવથી જ આપણને બીમાર પાડે છે, આફતોમાં નાંખે છે, અને મૃત્યુના સમયે સખતાઈમાં નાંખે છે. કેમ ? કારણ કે "તે" આદિલ (ન્યાય તોળનાર) છે. અને "તે" જાણે છે કે તેણે સર્જેલ "માનવી" એટલો નબળો અને અશક્ત છે કે મૃત્યુ પછીની તકલીફોની સરખામણીમાં માનવી આ દુનિયામાં જ તકલીફો બરદાસ્ત કરી લે એ તેના હિતમાં છે. કોઈપણ પરિસ્થિતિ અંગે પોતે જ નિર્ણય લઈને આપણે "કુફ્ર" કરવું જોઈએ નહીં. કારણ અલ્લાહ તબારક-વ-તઆલા જ બધી બાબતોનો જાણકાર - આલિમુલ ગયબ છે.

કેટલાંક લોકો પોતાના (દિવ્ય) જ્ઞાન અને શ્રદ્ધાને કારણે જાણી લઈ શકે છે કે મૃત્યુ તેમનાથી સમીપ છે. આ કટોકટીની ક્ષણે જ્યારે વ્યક્તિને મૃત્યુ આંખો સામે દેખાય છે ત્યારે તે પોતાના ગુન્હાઓની

તૌબા કરવા લાગે છે - અથવા - જાણે કે સ્વર્ગના દ્વાર તેના માટે ઉઘાડા જ હોય તે રીતે તે પોતાના અલ્લાહ તરફ પરત જવા ઉત્સુક થઈ જાય છે.

પરંતુ મોટાભાગના કિસ્સાઓમાં આવું જ્ઞાન પ્રાપ્ત હોતું નથી કેમ કે તે અલ્લાહની “મરજી” ઉપર નિર્ભર છે.

પરંતુ શયતાન સાથેની આપણી લાંબી રસ્સાખેંચમાં આ કટોકટીની પળે શયતાન પોતાની પૂરેપૂરી શક્તિ આપણને આપણા “ઈમાન” ઉપરથી ડગાવી દેવામાં લગાડી દે છે. એટલા માટે જ આપણને આ સમયે ઈમાનની મજબૂતી માટે, ઈમાન વધારે દૃઢ કરવા માટે અને ઈમાનની સલામતી માટે પ્રાર્થના કરવા અને ઈબાદત કરવા કહેવામાં આવ્યું છે. આપણાં ઈમાન અને જીવનભરની શ્રધ્ધાને કારણે આપણાં અઈમ્મા (અ.સ.) કે જેમણે જીવનભર આપણી મદદ કરી જ છે - આપણને

સાંત્વન આપ્યું છે અને આપણી દુઆઓ અલ્લાહને પહોંચાડી છે તે શું આપણી મદદ માટે ત્યાં નહીં હોય ? તેઓ ચોક્કસ ત્યાં હશે જ પરંતુ આપણે જે કાંઈ કર્યું છે તેનો ભાર તો આપણે જ ઉપાડવો પડશે.

પરમ કૃપાળુ અલ્લાહની દયા તો આપણી કલ્પનાશક્તિથી પણ વધારે છે.

**જીવનમાં નીચે મુજબના કામો કર્યા હશે તો તે મૌતની સકરાતમાં મદદરૂપ સાબિત થશે.**

**૧. સગાવહાલા સાથેના સારા સંબંધો.**

**૨. મા-બાપને માન આપવું.**

**૩. મોઅમેનીનને નવા કપડા આપવા.**

**૪. કલમાતે ફર્જ પડતા રહેવું.**

**“લાઈલાહા ઈલ્લલ્લાહુલ હલીમુલ કરીમ**
**લાઈલાહા ઈલલલ્લાહુલ અલીયુલ અઝીમ**
**સુબ્હાનલ્લાહે રબ્બિસ સમાવાતિસ સબ્અ-વ**

રબ્બિલ અરઝીનસ્સબઅ-વમા ફીહિન્ના

વ મા બયનહુન્ના-વ-મા ફવકહુન્ના-રબ્બિલ અર્શિલ અઝીમ-

વ-સલામુન અલા મુરસલીન

વલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન.

વ-સલ્લાહો અલા મુહમ્મદીન-વ-આલેહિત્તાહિરીન.

૫. રજબના મહીનામાં ૨૪ દિવસના રોઝા રાખવા, ખાસ કરીને મેઅરાજના દિવસે અને મહીનાના છેલ્લા દિવસ કરતાં પહેલાનાં દિવસે.

૬. ૭મી રજબના દિવસે ૪ (ચાર) રકાત નમાઝ અદા કરવી જેની દરેક રકાતમાં સૂરએ ‘હમ્દ’ અને ‘ઈખ્લાસ’ પછી સૂરએ “ફલક” અને સૂરએ “નાસ” ત્રણ વખત પઢવા અને નમાઝ પૂરી થયા પછી ‘સલવાત’ અને ‘તસ્બીહાતે અરબઆ’ ૧૦-૧૦ વખત પઢવી.

૭. નીચેની દુઆ દરરોજ દસ વખત પઢવી.

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

આઅદતતો લે કુલ્લે હવલિન લાઈલાહ ઈલ્લલ્લાહો

વ-લે-કુલ્લે હમ્મિન-વ-ગમ્મિન માશાઅલ્લાહો

વ-લે-કુલ્લે નેઅમતિન અલ્હમ્દો લિલ્લાહે

વ-લે-કુલ્લે રખાઈન અશ્શુકરો લિલ્લાહે

વ-લે-કુલ્લે ઓઅજૂબતિન સુબ્હાનલ્લાહે

વ-લે-કુલ્લે ઝંબિન અસ્તગફેરૂલ્લાહ

વ-લે-કુલ્લે મુસીબતિન ઈન્ના લિલ્લાહે-વ-ઈન્ના ઈલયહે રાજેઊન

વ-લે-કુલ્લે ઝીકિન હસ્બેયલ્લાહો

વ-લે-કુલ્લે કઝાએ-વ-કદરિન-તવક્કલતો અલલ્લાહે

વ-લે-કુલ્લે અદુવિન એઅ-ત-સમતો બિલ્લાહે

વ-લે-કુલ્લે તાઅતિન-વ-માઅસિયતિન-લાહવલા-વલા

કુવ્વતા ઈલ્લા બિલ્લાહિલ અલીયિલ અઝીમ.

**૭. દરરોજ ૭૦ વખત “યા અસ્મઅસ-સામેઈન-યાઅબ્સરન નાઝેરીન યા અસ્રઅલહાસેબીન-વ-યા અહકમલ-હાકેમીન.**

**૮. નાફેલા નમાઝોમાં સૂરએ ઝિલઝાલ પઢતાં રહેવું.**

## સકરાતુલ મૌત દરમિયાન :

આપણાં કોઈ મુસ્લિમ બિરાદર ઉપર આપણને મૌતની નિશાનીઓ દેખાય ત્યારે નીચે મુજબ કરવું.

૧. તેના પગ કિબ્લાની દિશામાં રહે તે રીતે મૃત્યુ પામતાં વ્યક્તિને તેની પીઠ ઉપર સુવડાવી દેવો ફરજિયાત છે, એટલા માટે કે જો તે બેઠો થઈ જાય તો તેનું મોઢું કિબ્લાની દિશામાં રહે. જો મૃત્યુ પામતાં વ્યક્તિને ઉપરોક્ત રીતે સુવડાવવો શક્ય ન હોય તો તેને જમણાં પડખે કે ડાબા પડખે એવી

રીતે સુવડાવી દેવો જોઈએ કે તેનું મોઢું "કિબ્લા"ની દિશામાં રહે.

૨. મૃત્યુ પામતાં વ્યક્તિની આસપાસના માણસોએ એવા પ્રયત્નો કરવા જોઈએ કે તે વ્યક્તિ તવહીદ-નુબુવ્વત-ઈમામત-કયામત અને અન્ય ઉસૂલે દીન મોઢેથી બોલે અને સમજે અને આ બધુ પઢવાનું મૃત્યુના સમય સુધી ચાલુ રખાવવું જોઈએ.

૩. મૃત્યુ પામતો વ્યક્તિ સાંભળી અને સમજી શકે તેવી રીતે નીચે મુજબની "દુઆઓ" તેને પઢીને સંભળાવવી જોઈએ.

અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદ-વ-આલે મુહમ્મદ અલ્લાહુમ્મગફિર-લેયલ-કસીર-મિન મઆસીક વક-બલ મિન્નિલ યસીરે મિન તાઅતિક. યા મંય યકબલુલ યસીર. વ યઅફૂ અનિલ કસીર. ઈકબલ મિન્નિલ યસીર વઅફો અન્નિલકસીર. ઈન્નકા અન્તલ ગફૂર.

૪. પવિત્ર કુઆર્નના નીચે મુજબના સૂરા અને આયતો તેના માથા (સિર) પાસે પઢવી જોઈએ.

સૂરએ “યાસીન”-સૂરએ “અસ્સાફ઼ાત”-સૂરએ “અલ અહઝાબ”-આયતુલ કુર્સી - સૂરએ “આઅરાફ”ની ૫૪ મી આયત - સૂરએ બકરહની છેલ્લી ત્રણ આયતો.

૫. જો મૃત્યુ પામનાર વ્યક્તિ ખૂબ જ તકલીફમાં હોય તો તેને તે નમાઝ અદા કરતો હોય તે સ્થળે ખસેડવો જોઈએ.

## રૂહનું નીકળવું-(કબ્ઝ થવું) :

**નીચેની બાબતો ‘મકરૂહ’ છે.**

૧. મૃત્યુ પામતાં વ્યક્તિને અડકવું.

૨. તેને એકલો મૂકી દેવો

૩. ખૂબજ વધારે રડવું.

૪. મૃત્યુ પામતી વ્યક્તિ પાસે હૈઝ અને જનાબતની નજિસ હાલતમાં જવું.

૫. મૃત્યુ પામતી વ્યક્તિ પાસે કોઈ પણ સ્ત્રીને એકલી છોડી દેવી.

## રૂહ નીકળી જાય તે પછી તરત જ શું કરવું જોઈએ?

**રૂહ નીકળી જાય તે પછી તરત જ નીચે મુજબ કરવું "મુસ્તહબ" છે.**

૧. આંખો અને હોંઠ બંધ કરી દેવા અને મોઢું ખુલ્લુ ન રહી જાય તે રીતે દાઢીના ભાગને માથા સાથે કપડાંથી બાંધી દેવું.

૨. હાથ અને પગ સીધા કરી દેવા.

૩. કોઈ કપડાં કે ચાદર વડે આખા શરીરને ઢાંકી દેવું.

૪. અંધારૂ થઈ ગયું હોય તો લાશ રાખવામાં આવી હોય ત્યાં અજવાળું કરવું.

૫. તમામ "મોઅમેનીન" ને મૃત્યુની જાણ કરવી અને તેમને મર્હુમની આખરી રસ્મમાં ભાગ લેવા ભારપૂર્વક સમજાવવા.

૬. મર્હુમે કોઈ ખાસ સૂચનાઓ વસીયત કરી હોય તો તે અંગે પણ જાણી લેવું. (દા.ત. તેમનું પોતાનું કફન આપવું વિગેરે)

૭. ગુસ્લ અને કફન જેવી આખરી રસ્મમાં બિન જરૂરી "તાખીર" ન કરવી.

૮. લાશને જે રીતના સંજોગો હોય તે અનુસાર ગુસ્લ અને કફનની રસ્મ કરવાની હોય ત્યાં લઈ જવી.

**નોંધ** : જો મૃત્યુ પામનાર વ્યક્તિ 'હામેલા ઓરત' હોય અને તેના પેટમાં બાળક જીવતો હોય તો તેણીના પેટનો ડાબી તરફનો ભાગ કાપીને જીવિત

બાળકને બહાર કાઢી લઈને તે ભાગને સીવી લેવો જોઈએ અને ત્યાં સુધી 'આખરી રસ્મ' કરવી જોઈએ નહીં.

## તે પછી શું કરવું જોઈએ ?

મર્હુમની આખરી રસ્મ કરતાં પહેલાં તેના વાલી પાસેથી ઈજાઝત લેવી એહતિયાતે વાજિબ છે. મર્હુમ સ્ત્રીનો 'વાલી' તેનો પતિ છે. અને તે પછીના ક્રમમાં "ઈસ્લામના કાયદા" મુજબ તેનો વારસ હોય તેવો પુખ્તવયનો પુરૂષ. પુખ્તવયના (બાલિગ) દરેક વ્યક્તિ ઉપર મૃત્યુ પામેલ મુસ્લિમ વ્યક્તિને ગુસ્લ દેવું, હુનૂત અને કફન, સલાતે મય્યત (જનાઝાની નમાઝ) વાજિબ છે. પરંતુ (મહોલ્લા-અતરાફના) કોઈ પણ વ્યક્તિઓએ તમામ બાબતો કરી દીધી હોય તો બાકીનાઓ ઉપર આની જવાબદારી રહેતી નથી. પરંતુ આ રસ્મો

અદા કરવાનો ઘણો અજર-સવાબ છે. ગુસ્લ, હૂનૂત અને કફન મરહૂમ જે જાતિની હોય તે જાતિની વ્યક્તિએ (એટલે કે પુરૂષ હોય તો પુરૂષે અને મરહુમ સ્ત્રી હોય તો સ્ત્રીએ) કરવા જોઈએ. (આ અંગેના મસાઈલ-મૃત્યુ પામતા વ્યક્તિ અંગેના મસાઈલમાં જુઓ)

## 7) મૃત્યુ પછી

### સદકો :

મરહુમને ગુસ્લ આપતાં પહેલાં અને તેને દફન કરતાં પહેલાં તેના નામે સદકો આપવામાં ઘણો સવાબ છે.

### ગુસ્લ :

ચાર માસ કે તેનાથી વધારે મહીનાના હમલમાં રહેલ બાળગર્ભ કે મૃત અવસ્થામાં જન્મનાર બાળકને ગુસ્લ આપવું વાજિબ છે. અને હમલમાં ચાર માસ ન રહ્યો હોય પરંતુ માનવ બાળકના લક્ષણો જેનામાં બંધાઈ ચુક્યાં હોય તેવા બાળગર્ભને તકેદારીની બાબત તરીકે ગુસ્લ આપવુ જોઈએ. આ ઉપરોક્ત બંને પૈકીની કોઈ એક પણ પરિસ્થિતિ ન હોય તો બાળગર્ભને ગુસ્લ આપ્યા

વગર એક કાપડમાં વીંટાળીને દફન કરી દેવું જોઈએ પરંતુ તેને પણ સાદા પાણીથી ધોઈ નાંખવું જોઈએ.

## ગુસ્લ કોણ આપી શકે :

**જે વ્યક્તિ પોતાના જીવનમાં શીઆ ઈશ્નાઅશરી અકીદો ધરાવતી હતી તેની મૈયતને ગુસ્લ આપનાર વ્યક્તિ/વ્યક્તિઓ માટેની શરતો નીચે મુજબ છે.**

૧. શીઆ ઈશ્નાઅશરી અકીદો ધરાવતા મુસ્લિમ હોવા જોઈએ.

૨. પુવયના (બાલિગ) હોવા જોઈએ.

3. આકિલ (સમજદાર-સમજી શકે તેવા) હોવા જોઈએ.

૪. ગુસ્લ અને મૈયતના મસાઈલના જાણકાર હોવા જોઈએ.

૫. મૈયત જે જાતિ (પુરૂષ અથવા સ્ત્રી પૈકી જે જાતિ)ની હોય તે જાતિના હોવા જોઈએ.

**નોંધ** : ગુસ્લ આપવા માટે મહેનતાણું કે મજુરી લેવી તે “હરામ” છે. જો કોઈએ ગુસ્લની મહેનત / કામ માટે મહેનતાણું કે નાણાંકીય લાભ લીધો હશે તો તે ગુસ્લ બાતિલ થઈ જશે. પરંતુ પ્રારંભિક જરૂરિયાતો માટે પૈસા લેવા તે હરામ નથી. દા.ત. મૈયતને ગુસ્લ આપવા માટેનું પાણી લાવવા માટે - ગુસ્લ આપવાના સ્થળે આવવા જવાનો પ્રવાસ ખર્ચ વિગેરે માટે પૈસા લઈ શકાય. દફનવિધિ કરતાં પહેલાં કફનની કિંમત મૈયતના વાલી અથવા તેના તદ્દન નજીકના સગાએ ચૂકવી દેવી જોઈએ.

## ગુસ્લનો તરીકો :

૧. મૈયતને કોઈ પ્લેટફોર્મ ઉપર તેના પગના તળિયા કિબ્લાની દિશામાં રહે તે રીતે સુવડાવી દેવી.

૨. મૈયતના કપડાં તેના પડખામાંથી અથવા પગની બાજુએથી ઉતારી લેવા, પરંતુ આ રીતે કપડાં ઉતારવા શક્ય ન હોય તો કપડાં ફાડીને ઉતારી શકાય, પરંતુ સાથોસાથ મૈયતના ગુપ્ત ભાગોને કાપડના ટુકડાથી ઢાંકી દેવા જોઈએ.

૩. ગુસ્લ દરમિયાન ને ગુસ્લ પછી કોઈપણ સમયે કોઈપણ સંજોગોમાં મૈયતના ગુપ્તાંગો (ગુપ્ત ભાગો) ખુલ્લાં રહેવા જોઈએ નહીં. મૈયતના ગુપ્તાંગોને જોવા તે હરામ છે.

૪. પાણીને મૈયતની ચામડી સુધી પહોંચતા અટકાવી શકે તેવી તમામ અડચણો / વચ્ચે

આવતી ચીજો જેવી  કે વીંટી - કાંડા ઘડિયાળ વિગેરે ઉતારી લેવી. મૈયતના શરીરનો ભાગ ન હોય તેવી અને દૂર કરી શકાય તેવી બાહ્ય વસ્તુઓ જેવી કે બનાવટી દાંત / બનાવટી દાંતનું ચોકઠું, કોન્ટેક લેન્સ અને વિગ (બનાવટી વાળ) પણ લઈ લેવા. આ વસ્તુઓ મૈયતના વાલીને આપી દેવી જોઈએ.

**નોંધ** : ગુસ્લ આપતી વખતે ખૂબ જ હળવાશથી મૈયતના શરીર ઉપર હાથ ફેરવવો જોઈએ. પરંતુ મૈયતના શરીરના દરેક ભાગ સુધી હાથ પહોંચે તેની તકેદારી રાખવી જરૂરી છે. ગુસ્લ આપનાર લોકોએ પોતાના માટે અને મૈયત માટે સતત “ઈસ્તિગફાર” કરતાં રહેવું જોઈએ. ગુસ્લ અને કફન વિધિમાં ભાગ ન લેતાં હોય તેવા મૈયતના કુટુંબીજનોએ મૈયત સુધી પહોંચે એટલા મોટા અવાજે સતત દુઆએ અદીલા-દુઆએ શહાદા

(શહાદતના કલેમાત) અને કુરઆનના સૂરા/આયતો પઢતાં રહેવું જોઈએ. કોઈ પણ દુન્યવી વાતો તે વખતે કરવી જોઈએ નહીં. કેમ કે મરહુમ / મરહુમાની રૂહ ત્યાં આસપાસમાં જ હોય છે, એ શું થઈ રહ્યું છે તે બધું જોતી અને સાંભળતી હોય છે.

## ગુસ્લ માટેનું પાણી :

**૧. મૈયતને ત્રણ ગુસ્લ આપવા 'વાજિબ' છે.**

અ. પહેલું ગુસ્લ : બોરડીનાં પત્તા ભેળવી દેવામાં આવ્યાં હોય તેવા (મિક્સ કરેલ) પાણીથી (આબે સદરથી) અને એવી નિય્યત કરવી જોઈએ કે ફલાણાં ફલાણાં (અહીંયા મૈયતનું નામ લેવું)ની મૈયતને હું બોરડીનાં પત્તાવાળા પાણીથી ગુસ્લ આપું છું. વાજિબ કુરબતન ઈલલ્લાહ.

બ. બીજું ગુસ્લ : કપૂર (કાફૂર) ભેળવી દેવામાં આવ્યુ હોય તેવા (મિક્સ કરેલ) પાણીથી (આબે કાફૂરથી). નિય્યત ઉપરની જેમ જ રહેશે પરંતુ તેમાં બોરડીના પાંદડાવાળા પાણીથી એ શબ્દોને બદલે કપૂર(કાફૂર)વાળા પાણીથી એ શબ્દો બોલવા.

ક. ત્રીજું ગુસ્લ : સાફ પાણીથી. (આબે ખાલિસથી). આ ગુસ્લની નિય્યતમાં પણ "બોરડીના પાંદડાવાળા પાણીથી" ને બદલે "સાફ પાણીથી" (આબે ખાલિસથી) એવા શબ્દો બોલવા.

૨. ગુસ્લ આપતી વખતે નરમ હાથમોજા પહેરી લેવા અથવા હાથ ઉપર નરમ કાપડ લપેટી લેવું જોઈએ અને સુગંધ રહિતનો (જેમાં કોઈ પ્રકારની સુગંધ ન હોય તેવા) સાબુ અથવા શેમ્પુ વાપરવા બહેતર છે.

૩. પાણીનો રંગ બદલાઈ જાય તેટલા પ્રમાણમાં બોરડીના પત્તા અથવા કપૂર પાણીમાં નાંખવા

જોઈએ નહીં. આવી રીતે તૈયાર કરેલું પાણી સાફ પાણી (ખાલિસ) રહેતું નથી અને અસ્વચ્છ પાણી (આબે મુઝાફ) બની જાય છે. પરંતુ બોરડીના પત્તા અથવા કપૂર એટલા ઓછા પ્રમાણમાં પણ ન નાંખવા જોઈએ કે જેનાથી તે પાણી બોરડીના પત્તાનું પાણી અથવા કપૂરનું પાણી કહી શકાય જ નહીં અને સાફ/સ્વચ્છ પાણી જ કહેવાય.

૪. જો કોઈ મુસ્લિમ 'એહરામ' ની હાલતમાં મૃત્યુ પામ્યો હોય તો તેને કપૂરના પાણીથી ગુસ્લ આપવાને બદલે સાફ પાણી (આબે ખાલિસ)થી જ ગુસ્લ આપી દેવું જોઈએ. (એટલે સાફ પાણીથી બે ગુસ્લ આપવા જોઈએ.)

૫. જો કોઈ જગ્યાએ બોરડીના પત્તા અથવા કપૂર મળી શકે તેમ ન હોય તો તે ગુસ્લને બદલે સાફ સ્વચ્છ પાણીથી ગુસ્લ આપી દેવું પુરતું છે. પરંતુ

'એહતિયાતે વાજિબ' એ છે કે જે તે ગુસ્લને બદલે મૈયતને 'તયમ્મુમ' પણ કરાવવામાં આવે.

૬. હરામ કામના પરિણામે જન્મેલ બાળક (વલ્દુઝઝિના)ને પણ ગુસ્લ આપવું વાજિબ છે.

૭. ગુસ્લ આપનાર વ્યક્તિએ આ કાર્ય અલ્લાહ-તબારક-વ-તઆલાની ખુશ્નૂદી અને તેના એહકામની પાબંદીની ઈચ્છાથી જ કરવું જોઈએ. (કોઈ બદલા-મહેનતાણાંની અપેક્ષા વગર)

૮. મૈયતને ગુસ્લ આપવાનો તરીકો "ગુસ્લે તરતીબી" જેવો જ છે. દા.ત. દરેક ગુસ્લમાં પહેલાં સર ને ગરદન ધોવા અને તે વખતે એ બાબતની કાળજી લેવી જોઈએ કે દરેક ભાગ સુધી પાણી પહોંચે. એક વ્યક્તિ મૈયતના સરને ઉચું પકડી રાખે અને બીજી વ્યક્તિ પાણીની ધાર અટકે નહીં અને સતત પાણીનો પ્રવાહ ચાલુ રહે તે રીતે પાણી રેડતો રહે, આવું ત્રણ વખત કરવું.

૯. દરેક પડખાને ગુસ્લ આપતી વખતે પણ પાણીની ધાર સતત પડતી રહે અને અટકે નહીં તે રીતે અને તે વખતે મૈયતના શરીરને ઘસવામાં ન આવે (મસળવામાં ન આવે) તેનો પણ ખ્યાલ રાખવો જોઈએ. (મૈયતના શરીરનું પડખું ફેરવતી વખતે ખૂબ જ કાળજી લેવી જરૂરી છે)

૧૦. ઉપરોક્ત તરીકાથી ત્રણ પાણી સાથે ત્રણે ગુસ્લ આપવા.

૧૧. દરેક ગુસ્લ પહેલાં મૈયતના શરીરના ગુપ્ત ભાગો જેનાથી ઢાંકવામાં આવ્યા હોય તે કપડાં બદલી નાંખવા અને દરેક ગુસ્લની શરૂઆત પહેલાં (અગાઉના ગુસ્લ દરમિયાન) લોહી અથવા એવી કોઈ ‘નજાસત’ નીકળી છે કે કેમ તે ચકાસી લેવું જોઈએ અને એવી કોઈ નજાસત નીકળી હોય તો પછીના ગુસ્લ પહેલાં તે સાફ કરી લેવી જોઈએ.

૧૨. કોઈ વ્યક્તિ ‘જનાબત’ કે ‘હૈઝ’ની હાલતમાં ગુજરી ગઈ હોય તો પણ તે માટે વધારાના કોઈ ગુસ્લની જરૂર નથી.

૧૩. નાક, કાન અને મોઢું પણ સાફ કરવું.

૧૪. ગુસ્લ પછી મૈયતને ટુવાલ વડે ઢાંકીને અત્યંત ધીમેથી થપથપાવીને પાણી સુકવી દેવું જોઈએ. ટુવાલ ઘસીને પાણી સુકવવું જોઈએ નહી.

૧૫. મૈયતને કફન પહેરાવતાં પહેલાં તેના કોઈ ભાગ ઉપર કોઈ નજાસત (ગંદગી) રહી ન જાય તે ખાસ જુઓ.

## તયમ્મુમ :

૧. કોઈપણ મૈયતને નીચેના સંજોગોમાં તયમ્મુમ કરાવી શકાય.

અ. પાણી મળી શકે તેમ ન હોય તો.

બ. મૈયત ગંભીર રીતે દાઝી ગયેલી-ઈજાગ્રસ્ત કે બગડી ગયેલ હોય તો.

ક. બોરડીના પત્તા અથવા કપૂર મળે તેમ ન હોય તો.

૨. પાણી મળી શકે તેમ ન હોય અથવા ઉપરોક્ત પૈકીની કોઈ પણ પરિસ્થિતિને કારણે ગુસ્લ આપવું મુશ્કેલ હોય તો મૈયતને ત્રણ 'ગુસ્લ'ને બદલે ત્રણ 'તયમ્મુમ' આપવા જોઈએ. 'એહતેયાતે-વાજિબ' છે કે ત્રણ 'તયમ્મુમ' માટે એક "ચોથો તયમ્મુમ" પણ આપવામાં આવે. પરંતુ જો ગુસ્લ આપનાર મૈયતને કોઈપણ એક 'તયમ્મુમ' આપતી વખતે (તે દરમિયાન) એવી નિય્યત કરી લે કે તે આ 'તયમ્મુમ' મઝહબની જવાબદારી પૂરી કરવા (માફીઝ ઝિમ્મા) માટે આપે છે તો ચોથા 'તયમ્મુમ' ની જરૂર રહેતી નથી.

૩. મૈયતને જે વ્યક્તિ ‘તયમ્મુમ’ કરાવતી હોય તેણે પોતાના હાથે ‘તયમ્મુમ’ કરાવવું જોઈએ. પરંતુ શક્ય હોય તો ‘એહતેયાતે વાજિબ’ એ છે કે બીજી વખત મૈયતના પોતાના હાથ (બંને હાથ) વડે પણ ત્રણે ‘તયમ્મુમ’ ફરીથી કરાવવામાં આવે.

## ગુસ્લે મસે મૈયત (મૈયતને સ્પર્શ કર્યો હોય તો તે માટેનું ગુસ્લ) :

૧. જો કોઈ વ્યક્તિએ કોઈ માણસની એવી મૈયત કે જે ઠંડી પડી ગઈ હોય, જેને ઉપરોક્ત ત્રણે ગુસ્લ આપવામાં આવ્યા ન હોય તે પહેલાં સ્પર્શ કરે તો તેના માટે પણ ‘ગુસ્લે મસે-મૈયત’ વાજિબ છે પરંતુ એહતેયાત એ છે કે ‘ગુસ્લ’ કર્યા પછી નમાઝ વગેરે પઢવા માટે વઝૂ પણ કરે.

૨. જો મૈયતનું સંપૂર્ણ શરીર ઠંડુ પડી ન ગયું હોય તે સંજોગોમાં ફકત ઠંડા પડી ગયેલા કોઈ અંગને

સ્પર્શ કરવાથી ‘ગુસ્લે-મસે-મય્યત’ વાજિબ થઈ જતું નથી.

૩. જો કોઈ વ્યક્તિ મૈયતને ત્રીજુ ગુસ્લ આપવામાં આવે તે પહેલાં (એટલે કે પહેલું અથવા પહેલું અને બીજું બે ગુસ્લ આપી દેવામાં આવ્યાં હોય પરંતુ ત્રીજું ગુસ્લ આપવામાં ન આવ્યું હોય તે પહેલાં) સ્પર્શ કરે તો પણ તેના ઉપર ‘ગુસ્લે-મસે-મય્યત’ વાજિબ થઈ જાય છે.

૪. એક કરતાં વધુ મૈયતોને સ્પર્શ કરવામાં આવ્યો હોય તે સંજોગોમાં અને એક જ મૈયતને અનેક વખત સ્પર્શ કરવામાં આવ્યો હોય તો પણ એક ‘ગુસ્લ’ કાફી છે.

૫. મૈયતને અડ્યા પછી જે વ્યક્તિએ ગુસ્લે-મસે-મૈયત ન કર્યું હોય તેના માટે મસ્જિદમાં રોકાવા અને કુઆર્ને શરીફની એ આયતો કે જેમાં વાજિબ સજદા આવતાં હોય તે આયતો પઢવા અંગે કોઈ

રોક-ટોક નથી. પરંતુ નમાઝ અને તેના જેવી બીજી ઈબાદતો કે જેમાં ‘તહારત’ ની શરત છે તે અદા કરતાં પહેલાં ગુસ્લે-મસે-મૈયત જરૂરી છે.

## હુનૂત (કાફૂર-કપૂર લગાડવું) :

૧. છેલ્લા (ત્રીજા) ગુસ્લ પછી અને મૈયતને લુછી લીધા પછી હુનૂત (નક્કી કરેલ પધ્ધતિ પ્રમાણે મૈયતના જુદા જુદા અંગો ઉપર કપૂર ચોપડવું તે) ‘વાજિબ’ છે પરંતુ બેહતર છે કે કફન પહેરાવવામાં આવે તે પહેલાં હુનૂત આપવામાં આવે.

૨. હુનૂતની નિય્યત છે “હું ફલાણાં ફલાણાં (અહિયાં મૈયતનું નામ લેવું.)ની મૈયતને હુનૂત આપુ છું. વાજિબ કુરબતન ઈલલ્લાહ. (મૈયતના નજીકના સગા આ વિધિ કરે તો વધારે સારૂં છે.)

3. સજદા દરમિયાન શરીરના જે સાત અંગો જમીનને અડકે છે તે સાત અંગોને એટલે કે કપાળ

(પેશાની) - બંને હથેળીઓ - બંને ઘૂંટણ- બંને પગના અંગૂઠાને કપૂરનો ભૂકો લગાડવાનો હોય છે.

૪. એહતિયાતે મુસ્તહબ છે કે કપૂર પહેલાં મૈયતના કપાળે ચોપડવામાં આવે પરંતુ તે પછી અન્ય અંગોમાં કોઈ અનુક્રમ (તરતીબ) જરૂરી નથી.

૫. ‘મુસ્તહબ’ છે કે મૈયતના નાક ઉપર પણ કપૂર ચોપડવામાં આવે.

૬. કપૂર તાજુ (ખુશ્બુવાળું) અને પાવડરની જેમ પીસેલું હોવું જોઈએ. જૂનું થઈ ગયેલું અને જેમાં સુગંધ બાકી ન રહી હોય તેવું કપૂર ન ચાલે.

૭. એહતિયાતે વાજીબ છે કે મૈયતને બીજા કોઈ સુગંધિત પદાર્થો લગાડવામાં ન આવે અને એવા બીજા કોઈ સુગંધિત પદાર્થો કપૂર સાથે પણ ભેળવવામાં ન આવે.

૮. કપૂર સાથે ‘ખાકે શિફા’ અલ્પ પ્રમાણમાં મિકસ કરવી ‘મુસ્તહબ’ છે. પરંતુ ‘ખાકે શિફા’નું પ્રમાણ

એટલું વધારે ન હોવું જોઈએ કે મિશ્રણ કપૂરના અર્થમાં ન રહે. (મિશ્રણને કપૂર ન કહી શકાય) અને આવી રીતે ‘ખાકે શિફા’ના અલ્પ પ્રમાણ સાથે તૈયાર કરવામાં આવેલ કપૂરને ‘ખાકે શિફા’ની ‘બેહુરમતી’ થતી હોય તેવી જગ્યાઓ ઉપર પણ લગાડવામાં ન આવે તે ખાસ જોવું જોઈએ.

૯. જો પૂરતા પ્રમાણમાં કપૂર મળી શકે તેમ ન હોય અથવા એટલા પ્રમાણમાં જ હોય કે ફક્ત ‘ગુસ્લ’ માટે જ પૂરતું હોય તો તેવા સંજોગોમાં ‘હુનૂત’ આપવું જરૂરી નથી.

૧૦. જો કોઈ વ્યક્તિ હજના કે ઉમરાના એહરામની હાલતમાં ગુજરી જાય તો તે મૈયતને કપૂર લગાડવું (હુનૂત કરવું) જાઈઝ નથી પરંતુ ‘સઈ’ (સફા અને મરવા વચ્ચે ચાલવાની વિધિ) કર્યા પછી મૃત્યુ થયું હોય તો જાઈઝ છે.

૧૧. ‘ઈદ્દત’ માં સુગંધિત પદાર્થો લગાડવાની મનાઈ હોવા છતાં જો કોઈ સ્ત્રી ‘ઈદ્દત’ દરમિયાન ગુજરી જાય તો પણ તેને હનૂત કરવું (કપૂર લગાડવું) વાજિબ છે.

## કફન (પહેરાવવું) :

## કફનની શરતો :

૧. તાહિર (પાક સ્વચ્છ) હોવું જોઈએ.

૨. શુધ્ધ રેશમથી બનેલું ન હોવું જોઈએ.

૩. એહતિયાત એ પણ છે કે સોનાના પાણીથી કામ કરવામાં આવ્યું હોય તેવા કાપડનું કફન પણ આપવું જોઈએ નહીં.

૪. કફન હરામ જાનવરો કે જેનું માંસ ખાવું હરામ છે તે જાનવરોના ચામડા-વાળ અને ઉનનું બનેલું પણ ન હોવું જોઈએ.

૫. કફન મુબાહ હોવું જોઈએ એટલે કે પચાવી પાડેલ કાપડનું કફન ન હોવું જોઈએ.

૬. હલાલ જાનવરના ચામડાથી બનેલું ન હોવું જોઈએ.

## કફન કેટલું હોવું જોઈએ ?:

**કફન માટે નીચે પ્રમાણેના કાપડના ત્રણ ટુકડા વાજિબ છે.**

(જેને સામાન્ય રીતે (૧) લુંગી (૨) કમીસ/કુરતા/પયરહન અને (૩) ચાદર કહેવામાં આવે છે.

**અ. લુંગી** : પેટની ડુંટીથી લઈને ધૂંટણ સુધીનું શરીર ચારે તરફથી ઢંકાઈ જાય તેટલો કાપડનો ટુકડો. પરંતુ છાતીથી લઈને પગ સુધી પહોંચે તે મુસ્તહબ છે. (આશરે ૬૦” નો પનો અને ૫૪” ની લંબાઈ = ૧૫૦ ઠ ૧૩૫ સે. મી.)

**બ. કમીસ/કુરતા/પયરહન/કફની :-** ખભાની શરૂઆતથી લઈને પગની અડધી પિંડળી સુધીનો આખા શરીરને ઢાંકી દે તેટલો કાપડનો ટુકડો. પરંતુ પગ સુધીના શરીરને ઢાંકી દેવું "મુસ્તહબ" છે.

(આશરે ૩૬" પનો અને ૧૨૦" લંબાઈ = ૯૦ ૬ ૩૦૦ સે.મી.)

**ક. ચાદર :** કાપડનો એટલી લંબાઈનો મોટો ટુકડો જે મૈયતના આખા શરીરને ઢાંકી લે અને મૈયતના માથા તરફ અને પગ તરફ ગાંઠ મારી શકાય અને તેની પહોળાઈ (પનો) એટલી હોવી જોઈએ કે તેની એક ધાર (કિનારો) સામેની બીજી ધાર ઉપર આવી જાય. (આશરે ૭૨" પનો અને ૧૦૮" લંબાઈ = ૧૮૦ ૬ ૨૭૫ સે.મી.)

કાપડના નીચે મુજબના ટુકડા 'મુસ્તહબ' છે.

**અ. પુરૂષ માટે :**

૧. આંતરવસ્ત્ર / રાનપેચ / લંગોટ

મૈયતના ગુપ્ત અંગો ઢંકાઈ જાય અને તેના છેડાને સાથળ ઉપર લંગોટની જેમ વિંટળાવી શકાય તેટલો કાપડનો ટુકડો.

(આશરે ૨૪" પનો અને ૭૨" લંબાઈ = ૬૦ ૪ ૧૮૦ સે.મી.)

**૨. અમામહ**

મૈયતના માથાને ચારે તરફથી એક વખત વીંટાળી શકે અને તેના બંને છેડા મૈયતની છાતી ઉપર મૂકી દઈ શકાય તેટલો કાપડનો ટુકડો.

(આશરે ૬" પહોળાઈ અને ૭૨" લંબાઈ = ૧૫ ૪ ૧૫૦ સે.મી.)

**૩. કમરબંદ**

લૂંગી પહેરાવ્યા પછી ગાંઠ બાંધી શકાય તેટલી કાપડની પટ્ટી

(આશરે ૨" પહોળાઈ અને ૭૨" લંબાઈ = ૫ ૪ ૧૫૦ સે.મી.)

**૪. ઈજાર**

એક વધારાની ચાદર

**બ. સ્ત્રી માટે :**

**૧. આંતરવસ્ત્ર / રાનપેચ** : ઉપર પુરૂષ માટે વર્ણવ્યું છે તે મુજબ.

**૨. સીનાબંદ :**

બંને છાતી ઢંકાઈ જાય અને પાછળ ગાંઠ મારી શકાય તેટલો કાપડનો ટુકડો.

(આશરે ૨૪" પહોળાઈ અને ૫૪" લંબાઈ = ૬૦ ૪ ૧૩૦ સે.મી.)

**૩. મકના / ઓઢણી**

નમાઝમાં જે રીતે માથું ઢાંકવામાં આવે છે તે રીતે માથું ઢાંકી શકાય તેટલો કાપડનો ટુકડો.

**૪. કમર બંદ :**

ઉપર પુરૂષ માટે વર્ણવ્યું છે તે મુજબ

**૫. ઈજાર :**

 **amillibrary.com**

ઉપર પુરૂષ માટે વર્ણવ્યું છે તે મુજબ

## કફન પહેરાવવાની રીત :

ઉપર પ્રમાણેના વાજિબ અને મુસ્તહબ (જો હોય તો) કફન માટેના ટુકડા કાપડમાંથી ફાડી લીધા પછી એ ટુકડાઓને પાક (તાહિર) અને સૂકી જગ્યાએ (સપાટી ઉપર) એવી રીતે પાથરી દેવા જોઈએ કે જે ટુકડાનો ઉપયોગ સૌથી છેલ્લે કરવાનો છે તેને સૌથી પ્રથમ પાથરવામાં આવે (એટલે કે ઈજાર-ચાદર) અને પછી કફન પહેરાવવાના ઉલટા ક્રમમાં તમામ ટુકડા યોગ્ય સ્થાને એકબીજા ઉપર પાથરી દેવામાં આવે. સૌથી છેલ્લે રાનપેચ આવશે. (કેમ કે કફન પહેરાવવામાં રાનપેચનો ઉપયોગ સૌથી પહેલા કરવાનો થશે.) દરેક ટુકડો તેના ઉપયોગને ધ્યાનમાં રાખીને યોગ્ય જગ્યાએ પાથરવામાં આવે તેની ખાસ કાળજી લેવી જોઈએ.

પછી ધીમેથી મૈયતને આવી રીતે પાથરેલા કફનના ટુકડાઓ ઉપર મૂકવી. મૈયતના ગુપ્ત અંગો ઉપર આગળ અને પાછળ પૂરતા પ્રમાણમાં કપૂરના ભુકા સાથે રૂ મુકવું. નોંધ : રૂ મુકવાની કાર્યવાહી કાપડની નીચે (કોઈ જુએ નહીં તેવી રીતે) કરવી. કેમ કે મૈયતના આ અંગો જોવા (કોઈ જોઈ જાય તે) કોઈ પણ સંજોગોમાં જાઈઝ નથી.

મૈયતને રાનપેચ બાંધવામાં આવે અને લુંગી પહેરાવવામાં આવે તે વખતે મૈયતને છેલ્લું ગુસ્લ આપતી વખતે જે કાપડના ટુકડા વડે તેના ગુપ્ત અંગો ઢાંકવામાં આવ્યાં હતાં તે ટુકડાને એવી રીતે કાઢી લેવું જોઈએ કે ગુપ્ત અંગો ઉપર મુકેલા રૂ ખસી ન જાય. કફનના કાપડના બીજા ટુકડાઓ પણ ફિકહની કિતાબોમાં આ બાબત અંગેની જે સૂચનાઓ છે તે પ્રમાણે વીંટાળી દેવા જોઈએ. મૈયત સ્ત્રીની હોય અને સીનાબંદ મળી શક્યું હોય

તો મૈયતને લૂંગી પહેરાવવા પછી સીનાબંદ પણ લપેટી દેવું જોઈએ.

**નોંધ** : જે વ્યક્તિના કફનમાં ચૌદ માઅસૂમીન (અ.સ.)ના નામ લખેલાં હોય (બુર્દે યમાની) અથવા કુરઆને શરીફની આયતો અથવા દુઆએ જવશને-કબીર વિગેરે લખેલું હોય તેવા કફનને આદરપૂર્વક (બેઅદબી ન થાય તેની કાળજી રાખીને) પહેરાવવું જોઈએ.

છેલ્લી ચાદર બાંધતાં પહેલાં મૈયતની છાતી ઉપર દુઆએ નુર અને શહાદતનામા મુકવાની ભલામણ પણ કરવામાં આવેલી છે. ૪૦ એવાં મોમિન / મોમેનાતના નામો જે ગવાહી આપે કે મરહુમ એક નેક અને દયાળુ વ્યક્તિ હતો / હતી. અકીક બંને હોંઠની વચ્ચે અથવા જીભની નીચે રાખી શકાય અને બે નાની સજદાગાહ (ખાકે

શિફાથી બનેલી નાની મોહરો) પણ બંને આંખો ઉપર મુકી શકાય.

## જરીદતૈન :

જરીદતૈન ખજુર-બોરડી કે દાડમની અંગ્રેજીમાં રૂ આકારની બે નાની પાતળી ડાળીઓ (આશરે ૧૮” લાંબી) હોય છે. દરેક ડાળી ઉપર લાકડીની અણીવાળી વસ્તુથી (દા.ત. ટુથપિક) કલમો અને માઅસૂમીન (અ.સ.)ના નામ લખવામાં આવે અને પછી રૂ તેની ચારે તરફ લપેટી દેવામાં આવે. મૈયતને કમીસ (કુર્તો/પૈરહન) પહેરાવ્યા પછી એક ડાળી મૈયતની જમણી બાજુએ બગલને લાગીને રહે તે રીતે અને બીજી ડાળી મૈયતની ડાબી બાજુએ બગલથી ઉપર રહે તે રીતે રાખી દેવી.

આ (જરીદતૈન)ની ખૂબ જ ભારપૂર્વક ભલામણ કરવામાં આવી છે. આપણા પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) સાહેબે કહ્યું કે આ બંને ડાળી લીલી રહેશે અને સુકાઈ નહીં જાય ત્યાં સુધી મૈયત ઉપર અલ્લાહ તરફથી અઝાબ નાઝિલ થશે નહીં. ઈમામ મોહંમદ બાકિર (અ.સ.)એ ફરમાવ્યું છે કે “આ બંને ડાળીઓ લીલી રહેશે ત્યાં સુધી મૈયત ઉપર અઝાબ નાઝિલ નહીં થાય અને તેના કર્મો અને માન્યતાઓનો હિસાબ પણ લેવામાં આવશે નહીં.”

નોંધ : લોકો મૈયતને દફનાવીને છુટા પડે તે પહેલાં જ દિવસે પહેલા કલાકમાંજ અઝાબ નાઝિલ થવાની શરૂઆત થઈ જાય છે. ડાળીઓ લીલી હોવાને કારણે દફનાવવાના પહેલા કલાકમાં સવાલ - જવાબ અને સજા થતી નથી, તેથી સજાનો સમય પસાર થઈ ગયો હોવાથી (એટલે કે કલાકના

સમયમાં ડાળીઓ લીલી હોવાને કારણે સજા થઈ શકી નથી તે કારણે) અલ્લાહ તબારક-વ-તઆલા ઈચ્છે તો ડાળીઓ સૂકાઈ જાય તે પછી પણ સજા કે સવાલ જવાબ થતાં નથી.

## જનાઝો અને સલાતુલ મૈયિત :

**(નમાઝે મૈયત/નમાઝે જનાઝા)**

**(નોંધ** : સલાતુલ મૈયિતને સામાન્ય બોલચાલમાં 'નમાઝે જનાઝા' કહેવામાં આવે છે, તેથી લોકો સરળતાથી સમજી શકે તે માટે હું સલાતુલ મૈયિત માટે હવે પછી 'નમાઝે જનાઝા'નો શબ્દ પ્રયોગ કરીશ : અનુવાદક)

મૈયતને કફન પહેરાવી દેવામાં આવે તે પછી કુટુંબીજનો અને મિત્રોએ મૈયતને આખરી વિદાય આપવી જોઈએ. 'ના-મેહરમ' લોકોને મૈયતને (મૈયતના ચેહરાને) જોવાની ઈજાઝત

નથી. તે વખતે મૈયત પાસે પોતાના કૃત્યોની માફી માંગી લેવાનું અને મૈયત વ્યક્તિએ જે તે વ્યક્તિ સાથે કાંઈ ખોટું કર્યું હોય (જુલ્મ કર્યો હોય, હક દબાવ્યો હોય વિગેરે) તો તેને માફી પણ આપી દેવી જોઈએ.

જ્યારે આપણે કોઈ મૃત વ્યક્તિને તે પોતાની મરજીથી હલન ચલન પણ ન કરી શકે કે આંખનો પલકારો પણ ન મારી શકે તેવી સ્થિતિમાં જોઈએ તો આપણે પોતાની જાત માટે પણ તે સ્થિતિની કલ્પના કરી આપણે જે કૃત્યો કર્યા હોય તેનો વિચાર કરવો જોઈએ, અને એ બાબતનું ચિંતન કરવું જોઈએ કે “હું જે રીતે મારૂ જીવન ગુજારી રહ્યો છું, શું તેનાથી અલ્લાહ ખુશ થઈ શકે તેમ છે ? અને અલ્લાહની ખુશી પ્રાપ્ત કરવા માટે મારે કંઈ વધુ સારી રીતે મારી જીંદગી ગુજારવી જોઈએ.”

તે પછી મૈયતને જનાઝામાં મૂકી દેવી જોઈએ. (ઘણી જગ્યાએ મૈયતને કફન પહેરાવતી વખતે જ જનાઝામાં મૂકી દેવાની અથવા જનાઝામાં જ કફન પાથરીને મૈયતને કફન પહેરાવવાની પ્રથા છે તેમાં કાંઈ ખોટું નથી : અનુવાદક)

## સલાતુલ મૈયિત (નમાઝે મૈયત/નમાઝે જનાઝા) :

જે વ્યક્તિ નમાઝે જનાઝા પઢાવતો હોય તેણે કિબ્લાની દિશામાં મોઢું કરીને (કિબ્લા રૂખ) જનાઝાની પાછળ એવી રીતે ઉભા રહેવું જોઈએ કે મૈયતનનું માથું તેની જમણી બાજુએ અને મૈયતના પગ તેની ડાબી બાજુએ રહે.

**નમાઝે જનાઝા પઢાવનાર વ્યક્તિ માટેની મુસ્તહબ બાબતો :-**

૧. ગુસ્લ અથવા વઝુ કરવું જોઈએ.

૨. જો મૈયત પુરૂષની હોય તો ‘ઈમામ’ અથવા નમાઝે જનાઝા પઢાવનાર વ્યક્તિ જનાઝાની વચ્ચોવચ અને મૈયત સ્ત્રીની હોય તો મૈયતના છાતીના ભાગની સામે ઉભો રહે.

૩. ઉઘાડા પગે નમાઝ પઢાવવી જોઈએ.

૪. જનાઝાની તદ્દન નજીક ઉભા રહેવું જોઈએ.

૫. નમાઝની દુઆઓ મોટા અવાજે પરંતુ રોકાઈ રોકાઈને પઢે (જેથી પાછળ નમાઝ પઢનારા લોકો પણ સાથે સાથે તે દુઆઓ પઢી શકે.)

૬. નમાઝ શરૂ કરતાં પહેલાં ત્રણ વખત અસ-સલાત-કહે.

૭. દરેક તકબીર ઉપર પોતાના બંને હાથ કાન સુધી ઉંચા કરે.

૮. ઈમામે તકબીર મોટા અવાજે પઢવી જોઈએ અને તેમની પાછળ નમાઝ પઢનારાઓએ તકબીર ધીમા અવાજે પઢવી જોઈએ.

## નમાઝે જનાઝાનો તરીકો :

**નિય્યત** : આ મૃત વ્યક્તિ (અહીંયા મૈયતનું નામ લેવું) ઉપર નમાઝ પઢું છું. વાજિબ કુરબતન ઈલલ્લાહ.

**પહેલી તકબીર** :- અલ્લાહો અકબર

અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહો-વ-અશહદો અન્ના મુહમ્મદર્રસૂલુલ્લાહ

**બીજી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિંવ વ આલે મુહમ્મદ.

**ત્રીજી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મગફિર લિલ મુઅમેનીના વલ મુઅમેનાત

**ચોથી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મગફિર લે હાઝલ મૈયિત (પરંતુ મૈયત સ્ત્રીની હોય તો - અલ્લાહુમ્મગફિર લે હાઝેહિલ મૈયિત કહેવુ જોઈએ.)

**પાંચમી તકબીર** :- અલ્લાહો અકબર

(પાંચમી તકબીરમાં ફક્ત અલ્લાહો અકબર કહ્યા પછી નમાઝે જનાઝા પૂરી થઈ જાય છે.)

પરંતુ દરેક તકબીર પછી તેના અનુક્રમ પ્રમાણે નીચે મુજબ પઢવું બહેતર છે.

**પહેલી તકબીર** :- અલ્લાહો અકબર

અશહદો અલ્લાઈલાહા ઈલ્લલ્લાહો વહદહૂ-લા-શરીકાલહૂ-વ-અશ્હદો અન્ના મુહમ્મદન અબ્દોહૂ-વ-રસૂલોહ. અર્સલહૂ બિલ હક્કે બશીરંવ-વ-નઝીરમ બૈના યદ યિસ્સાઅહ.

(હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી અને તે એક જ છે અને તેનો કોઈ ભાગીદાર-શરીક નથી. અને હું ગવાહી

આપું છું કે મુહમ્મદ (સ.અ.વ.) તેના સેવક-અબ્દ અને રસૂલ છે અને અલ્લાહે એમને બશારત આપનાર અને ડરાવનાર બનાવીને કયામતના દિવસ સુધી (માટે) મોકલ્યા છે.)

**બીજી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મા સલ્લેઅલા મુહમ્મદિંવ-વ-આલે મુહમ્મદુવ-બારિક અલા મુહમ્મદિંવ-વ-આલે મુહમ્મદ, વરહમ મુહમ્મદંવ-આલા મુહમ્મદ, ક-અફઝલે મા સલ્લૈતા-વ-બારકતા-વ-તરહ-હમ્તા અલા ઈબ્રાહીમ-ઈન્નિકા હમીદુમ મજીદ વ-સલ્લેઅલા જમીઈલ અંબિયાએ વલ મુર્સલીન વશ્શોહદાએ-વસ્સિદ્દીકીન-વ-જમીએ ઈબાદિલ્લાહિસ્સાલેહીન.

(હે અલ્લાહ ! મુહમ્મદ અને આલે મુહમ્મદ ઉપર રહમત-શાંતિ દુરૂદ સલામતી મોકલ અને મુહમ્મદ અને આલે મુહમ્મદ ઉપર બરકત મોકલ,

અને મુહમ્મદ અને આલે મુહમ્મદ ઉપર દયા ફરમાવ અને એનાથીયે શ્રેષ્ઠ રીતે કે (જે રીતે) ઈબ્રાહીમ અને આલે ઈબ્રાહીમ ઉપર તેં રહમત મોકલી હતી. બરકત મોકલી હતી અને દયા ફરમાવી હતી, અને બેશક તું પ્રસંશા અને મહાનતાને લાયક છે અને તમામ નબીઓ અને રસૂલો અને સાક્ષીઓ (શોહદાઓ) અને તારા સાચા સેવકો ઉપર તારી રહમત (શાંતિ-દુરૂદ) મોકલ.

**ત્રીજી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મગફિર લિલ મુઅમેનીના વલ મુઅમેનાત વલ મુસ્લેમીના વલ મુસ્લેમાત-અલ અહયાએ મિનહુમ વલ અમ્વાત, તાબેઅ બય્નના-વ-બય્નહુમ બિલ ખય્રાત ઈન્નકા મુજીબુદ દઅવાત ઈન્નકા અલા કુલ્લે શયઈન કદીર.

(હે અલ્લાહ ! મોઅમિન પુરૂષો અને મોઅમિન સ્ત્રીઓને - મુસ્લિમ પુરૂષો અને મુસ્લિમ

સ્ત્રીઓને તેમાં જે જીવિત હોય કે જે ગુજરી ગયા હોય તે તમામને બખ્શી દે અને અમારા અને તેમની વચ્ચે નેકીઓ મોકલ. બેશક તું દુઆઓ કબૂલ કરનાર છે, બેશક તું સર્વ સત્તાધિશ છે.)

**ચોથી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મા ! ઈન્ના હાઝા અબ્દોકા વબ્નો અબ્દેકા વબ્નો અમ્તેકા . નઝલા બેકા-વ-અન્તા ખયરો મન્ઝૂલિન બેહી. અલ્લાહુમ્મા ! ઈન્ના લા નઅલમો મિન્હો ઈલ્લા ખયરન - વ - અન્તા આઅલમો બેહી મિન્ના. અલ્લાહુમ્મા ! ઈનકાના મુહસેનન ફ-ઝિદ ફી એહસાનેહી-વ-ઈન કાના મુસીઅન ફતજાવઝ અન્હો વગફિર લહૂ. અલ્લાહુમ-મજઅલ્હો ઈન્દકા ફી આઅલા ઈલ્લીયીન વખ્લુફ અલા અહલેહી ફિલ ગાબેરીન, વરહમ્હો બે રહમતેકા યા અરહમર રાહેમીન.

(હે અલ્લાહ ! આ તારો સેવક - તારા સેવકનો પુત્ર અને તારી દાસીનો પુત્ર છે જે તારી તરફ આવ્યો છે. અને તુ તારા તરફ આવનારાઓ માટે સર્વશ્રેષ્ઠ છે. હે અલ્લાહ ! નિ:શંકપણે અમે તેના વિષે તેની નેકીઓ સિવાય કાંઈ જાણતા નથી અને તું (તો) એના વિષે અમારા કરતાં વધારે જાણકાર છે. હે અલ્લાહ ! જો આ તારો નેક બંદો હોય તો તેની નેકીઓમાં વધારો કરી આપ, અને જો આ તારો ખરાબ બંદો હોય તો તું (તેના દુષ્કર્મોને) દરગુજર ફરમાવ અને તેને બખ્શી દે. હે અલ્લાહ ! પોતાની બારગાહમાં તેને ઉચ્ચ દરજ્જો આપ અને તેના સગા-વહાલાઓને નેકીઓ કરવાવાળાઓમાં સ્થાન આપ અને તેના ઉપર તારી દયામાંથી દયા ફરમાવ. હે દયા કરવાવાળાઓમાં સર્વશ્રેષ્ઠ દયાવાન !)

પરંતુ જો મૃત વ્યક્તિ સ્ત્રી હોય તો ચોથી તકબીર પછી નીચે મુજબ પઢવું.

**ચોથી તકબીર** :- અલ્લાહો અકબર

અલ્લાહુમ્મા ! ઈન્ના હાઝેહી અમતોકા વબ્નતો અબ્દેકા વબ્નતો અમતેકા નઝલત બેકા વ અન્તા ખયરો મનઝૂલીન બેહી. અલ્લાહુમ્મા ! ઈન્ના લા નાઅલમો મિન્હા ઈલ્લા ખયરન - વ - અન્તા આઅલમો બેહા મિન્ના.

અલ્લાહુમ્મા ! ઈન કાનત મુહસેનતન ફ ઝિદ ફી એહસાનેહા, વ ઈનકાનત મુસીઅતન ફતજાવઝ અન્હા વગફિર લહા. અલ્લાહુમ્મજઅલ્હા ઈન્દકા આઅલા ઈલ્લીય્યીન - વખ્લુફ અલા અહલેહા ફિલ ગાબેરીન, વરહમ્હા બે રહમતેકા યા અરહમર રાહેમીન.

(હે અલ્લાહ ! આ તારી દાસી અને તારા સેવકની પુત્રી અને તારી દાસીની પુત્રી છે જે તારી

તરફ આવી છે અને તું તારા તરફ આવનારાઓ માટે સર્વશ્રેષ્ઠ છે. હે અલ્લાહ ! નિ:શંકપણે અમે તેના વિષે તેની નેકીઓ સિવાય કાંઈ જાણતાં નથી અને તું (તો) એના વિશે અમારા કરતા વધારે જાણકાર છે, હે અલ્લાહ ! જો આ તારી નેક બંદી હોય તો તેની નેકીઓમાં વધારો કરી આપ. અને જો આ તારી ખરાબ બંદી હોય તો તું (તેના દુષ્કર્મો) ને દરગુજર ફરમાવ અને તેને બખ્શી દે ! હે અલ્લાહ ! પોતાની બારગાહમાં તેને ઉચ્ચ દરજ્જો આપ અને તેના સગા-વહાલાઓને નેકી કરવાવાળાઓમાં સ્થાન આપ અને તેના ઉપર તારી દયામાંથી દયા ફરમાવ. હે દયા કરવાવાળાઓમાં સર્વશ્રેષ્ઠ દયાવાન !)

**પાંચમી તકબીર** :- અલ્લાહો અકબર

પરંતુ મૈયત નાબાલિગ બાળકની હોય તો ચોથી તકબીર પછી નીચે મુજબ પઢવું :

**નાબાલિગ બાળકની ચોથી તકબીર**

અલ્લાહો અકબર

અલ્લાહુમ-મજ-અલહો લે અ-બ-વયહે વ લના સલફન-વ-ફરતન-વ-અજરા.

પરંતુ

જો મૈયત નાબાલિગ છોકરીની હોય તો ચોથી તકબીર પઢી નીચે મુજબ પઢવું.

**નાબાલિગ છોકરીની ચોથી તકબીર**

અલ્લાહો અકબર

અલ્લાહુમ-મજ-અલ્હા લે અ-બ-વયહા વ લના સલફન-વ-ફરતન-વ-અજરા

**પાંચમી તકબીર** :- અલ્લાહો અકબર

આવી રીતે નમાઝે જનાઝા પૂરી થયા પછી જનાઝો ઉપાડી લેવો જોઈએ અને કબ્રસ્તાન તરફ લઈ જવો જોઈએ. કોઈપણ મૃત વ્યક્તિને નજીકના કબ્રસ્તાનમાં દફન કરવું ‘મુસ્તહબ’ છે.

## તદફીન (દફનવિધિ) :

આપણે આપણી આજુબાજુ જાણીતા ચહેરા અને જેમની સાથે આપણે વાતચીત કરી શકીએ તેવા લોકોને જોવા ટેવાએલાં છીએ. મૃત વ્યક્તિ એવી જગ્યાએ ચાલી જતી હોઈ જ્યાં તેના નજીકના સગાઓ સાથે સંપર્કમાં રહી શકે નહીં. જનાઝાનો જુલૂસ જ્યારે કબ્રસ્તાનમાં પહોંચે ત્યારે કબરથી થોડાક થોડાક અંતરે ત્રણ વખત જનાઝાને અમુક સેકન્ડ માટે જમીન ઉપર મૂકી દેવો જોઈએ. આવી રીતે ત્રણ વખત જનાઝાને જમીન ઉપર મુકીને ફરી ઉપાડવો જોઈએ અને ચોથી વખત મૈયતને દફન કરવા માટે કબર (પાઈને કબર) પાસે ઉતારવો જોઈએ. જો મૈયત સ્ત્રીની હોય તો ત્રીજી વખતે જ જનાઝાને કિબ્લાની દિશામાં કબરની બાજુમાં મૂકે

અને એક ચાદર કે કાપડથી કબર ઉપર પરદાનો ઈન્તેઝામ કરીને મૈયત કબરમાં ઉતારવી જોઈએ.

મૈયતને જનાઝામાંથી ખૂબ જ આસ્તેથી બહાર કાઢીને ધીમેથી કબરમાં ઉતારવી મુસ્તહબ છે. મૈયતને દફનાવતી વખતની દુઆઓ મૈયત દફનાવતાં પહેલાં અને તે દરમિયાન પઢવી જોઈએ. જ્યારે મૈયતને કબરમાં મૂકી દેવામાં આવે તે પછી 'બંદે કફન' ખોલી દેવા જોઈએ. અને મૈયતના ગાલને જમીન ઉપર મુકી દેવામાં આવે. અને મૈયતની પીઠની પાછળ કાચી ઈંટો (પકવેલી ઈંટો ન ચાલે) અથવા માટીના ઢેફા મૂકી દેવા જેથી કરીને મૈયત પાછી ચત્તી ન થઈ જાય, અને કબર બંધ કરી દેતાં પહેલાં તલકીન પઢનાર વ્યક્તિ પોતાનો જમણો હાથ મૈયતના જમણાં ખભા ઉપર અને પોતાનો ડાબો હાથ મૈયતના ડાબા ખભા ઉપર મૂકે અને પોતાનું મોઢું મૈયતના કાનની પાસે લઈ

જાય અને તેના ડાબા ખભાને હલાવીને ત્રણ વખત કહે ઈસ્મઅ ઈફહમ-ઈસ્મઅ ઈફહમ-ઈસ્મઅ ઈફહમ યા...(તે પછી મૈયતનું અને તેના પિતાનું નામ બે નામની વચ્ચે બિન શબ્દ મૂકીને લે. દા.ત. મૃત્યુ પામેલ વ્યક્તિનું નામ મોહંમદ અને પિતાનું નામ અલી હોય તો ઈસ્મેઅ-ઈફહમ યા મોહંમદ ઈબ્ને અલી-ત્રણ વખત કહે.)

**(નોંધ** : હવે તલ્કીનમાં જ્યાં પણ મહંમદ ઈબ્ને અલી લખવામાં આવ્યું છે. ત્યાં ત્યાં ‘મહંમદ’ ની જગ્યાએ મૈયતનું નામ અને “અલી” ની જગ્યાએ તેના પિતાનું નામ લેવું. આ સમજુતી ખાસ યાદ રાખવી.)

## તલ્કીન :

મૈયત પુરૂષ / છોકરાની હોય તો નીચે મુજબ તલ્કીન પઢવી

**ઈસ્મઅ ઈફહમ યા મહંમદ ઈબ્ને અલી**

**ઈસ્મઅ ઈફહમ યા મહંમદ ઈબ્ને અલી**

**ઈસ્મઅ ઈફહમ યા મહંમદ ઈબ્ને અલી**

(**નોંધ** : તલ્કીન મૈયતને સંબોધીને પઢવામાં આવે છે તેથી સંબોધનમાં મૈયતનું અને મૈયતના પિતાનું નામ લેવું ફરજિયાત છે. સમજુતીમાં નીચેની તલ્કીનમાં મૈયતનું નામ મુહમ્મદ અને તેના પિતાનું નામ અલી રાખ્યું છે. પરંતુ ખરેખર તલ્કીન પઢતી વખતે જયાં જયાં "મુહમ્મદ" છે ત્યાં ત્યાં મૈયતનું નામ અને અલી છે ત્યાં ત્યાં મૈયતના પિતાનું નામ લેવું.)

હલ અનતા અલલ અહદિલ્લઝી ફા-રકતના અલયહે મિન શહાદતે અન લા એલાહા ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીકા લહૂ-વ-અશહદો અન્ના મુહમ્મદન સલ્લલ્લાહો અલયહે-વ-આલેહી, અબ્દોહુ-વ-રસૂલોહુ સય્યેદુન નબીય્યીન-વ-ખાતેમુલ મુર્સલીન, વ અન્ના અલીયિન અમીરૂલ મોઅમેનીન-વ-સય્યેદુલ વસીયીન-વ-અન્નલ હસન વલ હુસૈન-વ-અલી યબ્નલહુસૈન-વ-મુહમ્મદબ્ના અલીયિન, વ જાઅફરબ્ના મુહમ્મદિન-વ-મુસબ્ના જાઅફરિન-વ-અલીયબ્ના મૂસા-વ-મુહમ્મદબ્ના અલીયિન વ અલીયિબ્ના મુહમ્મદિન વલ હસનબ્ના અલીયિન વલકાએમલ હુજ્જતલ મહદી. સલવાતુલ્લાહે અલયહિમ અઈમ્મતુલ મુઅમેનીન-વ-હુજ્જતુલ્લાહે અલલ ખલ્કે અજમઈન-વ-અઈમ્મતોકા અઈમ્મતો અબરાર.

**ભાષાંતર** : સાંભળ અને સમજ - સાંભળ અને સમજ- સાંભળ અને સમજ (અગાઉ સમજુતી આપી છે તે પ્રમાણે મૈયતનું નામ અને પિતાનું નામ)

શું તું હજી પણ એ કરાર ઉપર (કાયમ) છે જેના ઉપર તું અમારાથી છૂટો પડયો હતો. એટલે એ એકરાર કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, જે એકમાત્ર છે, તેનો કોઈ શરીક નથી અને એ એકરાર કે મુહમ્મદ (સ.અ.વ.) તેના સેવક અને તેના રસૂલ - નબીયોના સરદાર અને અંતિમ પયગમ્બર છે એ એકરાર કે અલી અમીરૂલ મોઅમેનીન અને અવસિયાના સરદાર અને એવા ઈમામ જેમની તાબેદારી અને આજ્ઞાપાલન અલ્લાહે સંપૂર્ણ જગત ઉપર ફરજિયાત કરી છે. અને એ કે હસન અને હુસૈન અને અલી ઈબ્નેહુસેન અને મુહમ્મદ ઈબ્ને અલી અને જાઅફર ઈબ્ને મુહમ્મદ અને મુસા ઈબ્ને જાઅફર અને અલી ઈબ્ને મુસા

અને મુહમ્મદ ઈબ્નેઅલી અને અલી ઈબ્ને મુહમ્મદ અને હસન ઈબ્ને અલી અને કાએમલ હુજ્જત મહદી - અલ્લાહની રેહમત તેમના ઉપર હજો, તે મોઅમેનીનના ઈમામ અને અલ્લાહની સમગ્ર સૃષ્ટી ઉપર અલ્લાહની હુજ્જત (દલીલ) છે અને તારા આ તમામ ઈમામો નેક લોકોના માર્ગદર્શકો અને આગેવાનો છે.

યા મુહમ્મદ ઈબ્ને અલી (અહિંયા અગાઉ આપેલી સમજુતી પ્રમાણે મૈયત અને મૈયતના પિતાનું નામ લેવું.) ઈઝા અતાકલ મલકાનિલ મુકર્રબાને રસૂલાને મિન ઈન્દિલ્લાહે તબારક-વ-તઆલા વ સઅલાકા અન રબ્બેકા-વ-અન નબીયેકા-વ-અન દીનેકા વ-અન કિતાબેકા-વ-અન કિબ્લતેકા-વ-અન અઈમ્મતેકા ફ-લા તખફ વ-લા તહઝન-વ-કુલ ફી જવાબેહિમા :-

અલ્લાહો જલ્લ જલાલહૂ રબ્બી-વ-મુહમ્મદુન સલ્લલ્લાહો અલ્યહે આલેહી નબીયી-વલ-ઈસ્લામો દીની વલ કુરઆનો કિતાબી, વલ કઅબતો કિબ્લતી વ-અમીરૂલ મોઅમેનીન અલીયુબ્નો અબી તાલિબ ઈમામી-વલ હસનુબ્નો અલીયેનિલ મુજતબા ઈમામી વલ હુસૈયનુબ્નો અલીયે નિશ શહીદો બે કરબલા ઈમામી-વ-અલીયુન ઝૈનુલ આબેદીના ઈમામી વ-મુહમ્મદુનિલ બાકિર ઈમામી-વ-જઅફરોનિસ્સાદિકો-ઈમામી-વ-મૂસલ કાઝિમો ઈમામી-વ-અલીયો નિર રિઝા ઈમામી-વ-મુહમ્મદો નિલ જવાદો ઈમામી -વ-અલીયો નિલ હાદીયો ઈમામી-વ-હસનુલ અસ્કીરીયો ઈમામી, વલ હુજ્જતુલ કાએમુલ મુન્તઝરો ઈમામી-હાઉલાએ સલવાતુલ્લાહે અલ્યહિમ અજમઈન અઈમ્મતી-વ-સાદતી-વ-

કાદતી-વ-શુફઆઈ બેહિમ અતવલ્લઓ, વ મિન આઅદાએહિમ અતબર્રઓ ફિદ્દુન્યા વલ આખેરહ

**ભાષાંતર** : હે..... (અહિંયા મૈયતનું નામ અને પિતાનું નામ) જ્યારે તારી પાસે ખુદા-એ-તબારક-વ-તઆલાએ મોકલેલા બે ખાસ ફરિશ્તાઓ આવે અને તને તારા રબ વિષે - તારા નબી વિષે અને તારા દીન વિષે અને તારી કિતાબ વિષે અને તારા કિબ્લા વિષે અને તારા ઈમામો વિષે પૂછે તો તું ડરી જઈશ નહી, અને શોકગ્રસ્ત પણ ના થતો અને તે બંનેને જવાબમાં કહી દેજે કે :-

અલ્લાહ જલ્લ જલાલહુ મારો રબ છે, અને કુરઆન મારી કિતાબ છે, અને કાઅબા મારો કિબ્લો છે અને અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અલી તાલિબ મારા ઈમામ છે, અને હસન-ઈબ્ને-અલી અલ મુજતબા મારા ઈમામ છે. અને હુસૈન ઈબ્ને અલી કરબલાના શહીદ મારા ઈમામ છે, અને અલી

ઝયનુલ આબેદીન મારા ઈમામ છે અને મુહમ્મદ-અલ-બાકિર મારા ઈમામ છે, અને જાઅફર અસ સાદિક મારા ઈમામ છે અને મૂસા અલ કાઝિમ મારા ઈમામ છે, અને અલી અર રિઝા મારા ઈમામ છે, અને મુહમ્મદ અલ જવાદ મારા ઈમામ છે અને અલી અલ હાદી મારા ઈમામ છે, અને હસન અલ અસ્કરી મારા ઈમામ છે અને અલ-હુજ્જતુલ-કાઈમુલ મુન્તઝર મારા ઈમામ છે. અને આ તમામ-અલ્લાહની રેહમતો તેમના ઉપર હજો-મારા ઈમામ અને મારા સરદાર અને મારા માર્ગદર્શકો (પેશવા) અને મારી શફાઅત કરવાવાળાઓ છે. હું તેમના સર્વેના માટે (મારા હ્રદયમાં) પ્રેમ (ની લાગણી) અને તેમના શત્રુઓ પ્રત્યે (મારા હ્રદયમાં) ધિક્કાર અને નફરત (ની લાગણી) ધરાવુ છું. આ જગતમાં અને આખેરતમાં.

સુમ્મા એઅલમ યા મુહમ્મદ ઈબ્ને અલી (અહીંયા અગાઉ આપેલી સમજુતી મુજબ મૈયતનું નામ અને મૈયતના પિતાનું નામ લેવું) અન્નલ્લાહા તબારકા-વ-તઆલા નેઅમર રબ્બો, વઅન્ના મુહમ્મદન સલ્લલ્લાહો અલયહે-વ-આલેહી નેઅમર રસૂલો-વ-અન્ના અમીરૂલ મોઅમેનીના અલી યિબ્ને અબી તાલિબ-વ-અવલાદહૂલ અઈમ્મતલ અહદા અશરા નેઅમલ અઈમ્મતો-વ-અન્ના માજાઆ બેહી મુહમ્મદુન સલ્લલ્લાહો અલયહે-વ આલેહી હકકુન, વ-અન્નલ મવ્તા હકકુન વ સોઆલા મુન્કરિન-વ-નકીરિન ફિલ કબ્રે હકકુન, વલ બઅસ હકકુન, વન્નુશૂરા હકકુન, વસ સિરાતા હકકુન, વલ મીઝાના હકકુન-વ-તતાએરૂલ કુતુબે હકકુન, વલ જન્નતા હકકુન, વન્નારા હકકુન, વ-અન્નસ સાઅતા આતેયતુન લારય્બા ફીહા, વ-અન્નલ્લાહા યબઅસો મન ફિલ કુબૂર

**ભાષાંતર** :- જાણી લે તુ હે..... (મૈયતનું નામ તથા પિતાનું નામ) ! નિ:શંકપણે અલ્લાહ બુઝુર્ગ અને સર્વશ્રેષ્ઠ સારો પરવરદિગાર છે, અને નિ:શંકપણે મુહમ્મદ (સ.અ.વ.) સારા પયગમ્બર છે, અને નિ:શંકપણે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અલી તાલિબ અને તેમના વંશમાંના અગ્યાર ઈમામ સારા ઈમામ છે, અને મુહમ્મદ (સ.અ.વ.) જે કાંઈ (શરીઅત) લાવ્યા છે તે સત્ય છે, અને નિ:શંકપણે મૃત્યુ સત્ય છે, અને કબરમાં મુન્કર અને નકીર (બે ફરિશ્તા) દ્વારા સવાલ સત્ય છે અને મૃત્યુ પછી પુન:જીવિત થવુ સત્ય છે, અને તમામનું એકત્ર થવું સત્ય છે, અને સિરાત સત્ય છે, અને મીઝાન (ન્યાયનું ત્રાજવું) સત્ય છે, અને નામએ આઅમાલ (દરેક વ્યક્તિએ કરેલ સારા અને નરસા કૃત્યોના હિસાબ-કિતાબના ચોપડા) ને ઉઘાડવાનું સત્ય છે અને જન્નત સત્ય છે અને જહન્નમ સત્ય છે અને

નિ:શંકપણે (કયામતની) ઘડી આવવાની જ છે, અને નિ:શંકપણે જે જે લોકો કબરોમાં છે તેમને પુન:જીવિત કરશે જ.

યા મુહમ્મદ ઈબ્ને અલી (અહિંયા અગાઉ આપેલી સમજુતી પ્રમાણે મૈયતનું નામ અને મૈયતના પિતાનું નામ લેવું)

સબ્બત-કલ્લાહો બિલ કવલિસ સાબિતે-વ-હદાકલ્લાહો ઈલા સિરાતિમ મુસ્તકીમ, અર્રફલ્લાહો બય્નકા વ બય્ના અવલિયાએકા ફી મુસ્તકર્રિમ મિન રેહમતેહી

**ભાષાંતર** : હે.... (મૈયતનું નામ અને મૈયતના પિતાનું નામ) અલ્લાહ તને તારા કૌલ (વાયદા) તરફ દોરી જાય, અને અલ્લાહ તને સીધા માર્ગ (સિરાતે મુસ્તકીમ) તરફ દોરી જાય, અને અલ્લાહ પોતાની દયાથી તારા અને તારા અવલિયા

(પયગમ્બર સાહેબ અને અઈમ્મા) વચ્ચે પરિચય કરાવી દે (એટલે તને એમનો મિત્ર બનાવી દે)

અલ્લાહુમ્મા-જાફિલઅર્ઝા અન જમ્બયહે વસ ઈદ બેરૂહેહી ઈલચ્કા વ લકકેહી મિન્કા બુરહાનન.

અલ્લાહુમ્મા અફવક-અફવક.

**ભાષાંતર** : યા અલ્લાહ (આની કબરમાં) બંને બાજુએ ધરતીને વિશાળ કરી દે. (આને ફિશારે કબ્રથી બચાવ) અને તેની રૂહને પોતાની તરફ ઉન્નત કર, અને તારી સાબીતીઓ અને દલીલો તેના ઉપર પ્રગટ કર, હે પરવરદિગાર - ક્ષમા કર - ક્ષમા કર.

**મૈયત સ્ત્રી/છોકરીની હોય તો નીચે મુજબની તલ્કીન પઢવી**

**નોંધ** : સમજુતી માટે નીચેની તલ્કીનમાં મૈયત સ્ત્રીનું નામ ‘ફાતિમા’ અને મૈયતના પિતાનું નામ ‘અલી’ રાખવામાં આવ્યું છે. પરંતુ ખરેખર તલ્કીન

પઢતી વખતે જયાં જયાં ‘ફાતિમા’ આવે છે ત્યાં ત્યાં મૈયતનું નામ અને ‘અલી’ આવે છે ત્યાં ત્યાં મૈયતના પિતાનું નામ લેવું અને વચ્ચે બિન્તે આવશે તેની પણ ખાસ નોંધ લેવી.

**ઈસ્મઈ-ઈફહમી યા ફાતેમા બિન્તે અલી**

**ઈસ્મઈ-ઈફહમી યા ફાતેમા બિન્તે અલી**

**ઈસ્મઈ-ઈફહમી યા ફાતેમા બિન્તે અલી**

હલ અન્તે અલલ અહદિલ્લઝી ફા-રકતના અલયહે મિન શહાદતે અન લાએલાહા ઈલ્લલ્લાહો વહદહૂ લા શરીકા લહૂ-વ-અશ્હદો અન્ના મુહમ્મદન સલ્લલ્લાહો અલયહે-વ-આલેહી, અબ્દોહૂ-વ-રસૂલોહૂ સય્યેદુન નબીયીન-વ-ખાતેમુલ મુર્સલીન, વ અન્ના અલીયન અમીરૂલ મોઅમેનીન-વ-સય્યેદુલ વસીયીન-વ-ઈમામો નિફતરઝલ્લાહો તાઅતહૂ અલલ આલમીન-વ-અન્નલ હસન વલ હુસૈન-વ-અલીયિબ્નલ હુસૈન-વ-મુહમ્મદબ્ના અલીયિન, વ

જાઅફરબ્ના મુહમ્મદિન-વ-મૂસબ્ના જાઅફરિન-વ-અલીયબ્ના મૂસા-વ-મુહમ્મદબ્ના અલીયિન વ અલીયિબ્ના મુહમ્મદિન વલ હસનબ્ના અલીયિન-વલ કાએમલ હુજ્જતલ મહદી. સલવાતુલ્લાહે અલયહિમ અઈમ્મતુલ મુઅમેનીન-વ-હુજ્જતુલ્લાહે અલલ ખલ્કે અજમઈન-વ-અઈમ્મતો કે અઈમ્મતો અબરાર.

**ભાષાંતર** :- સાંભળ અને સમજ - સાંભળ અને સમજ - સાંભળ અને સમજ

હે..... (અગાઉ સમજુતી આપી છે તે પ્રમાણે મૈયતનું નામ અને પિતાનું નામ)

શું તું હજી પણ એ કરાર ઉપર (કાયમ) છે જેના ઉપર તું અમારાથી છુટી પડી હતી એટલે એ એ કરાર કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી જે એકમાત્ર છે. તેનો કોઈ શરીક નથી અને એ એ કરાર કે મુહમ્મદ (સ.અ.વ.) તેના સેવક અને

તેના રસૂલ-નબીયોના સરદાર અને અંતિમ પયગમ્બર છે એ એ કરાર કે અલી અમીરૂલ મોઅમેનીન અને અવસિયાના સરદાર અને એવા ઈમામ જેમની તાબેદારી અને આજ્ઞાપાલન અલ્લાહએ સંપુર્ણ જગત ઉપર ફરજિયાત કરી છે અને એ કે હસન અને હુસૈન અને અલી ઈબ્ને હુસૈન અને મુહમ્મદ ઈબ્ને અલી અને જાઅફર ઈબ્ને મુહમ્મદ અને મુસા ઈબ્ને જાઅફર અને અલી ઈબ્ને મૂસા અને મુહમ્મદ ઈબ્ને અલી અને અલી ઈબ્ને મુહમ્મદ અને હસન ઈબ્ને અલી અને કાએમલ હુજ્જત મહદી - અલ્લાહની રેહમત તેમના ઉપર હજો. તે મોઅમેનીનના ઈમામ અને અલ્લાહની સમગ્ર સૃષ્ટી ઉપર અલ્લાહની હુજ્જત (દલીલ) છે અને તારા આ તમામ ઈમામો નેક લોકોના માર્ગદર્શકો અને આગેવાનો છે.

યા ફાતેમા બિન્તે અલી (અહિંયા અગાઉ આપેલી સમજુતી પ્રમાણે મૈયત અને મૈયતના પિતાનું નામ લેવું.) ઈઝા અતાકિલ મલકાનિલ મુકર્રબાને રસૂલાને મિન ઈન્દિલ્લાહે તબારકા-વ-તઆલા વ સઅલકે અન રબ્બેકે-વ-અન નબીયેકે-વ-અન દીનેકે વ-અન કિતાબેકે-વ-અન કિબ્લતેકે-વ-અન અઈમ્મતેકે ફ-લા તખાફી વ-લા તહઝની-વ-કૂલી ફી જવાબેહેમા :-

અલ્લાહો જલ્લ જલાલહૂ રબ્બી-વ-મુહમ્મદુન સલ્લલ્લાહો અલયહે વ આલેહી નબીયી-વલ-ઈસ્લામો દીની વલ કુરઆનો કિતાબી, વલ કાઅબતો કિબ્લતી વ-અમીરૂલ મોઅમેનીન અલીયુબ્નો અબીતાલિબ ઈમામી-વલ હસનુબ્નો અલીયેનિલ મુજતબા ઈમામી વલ હુસૈયનુબ્નો અલીયેનિશ શહીદો બે કરબલા ઈમામી વ અલિય્યુન ઝૈનુલ આબેદીના ઈમામી વ

મોહમ્મદુનિલ બાકિર ઈમામી-વ-જઅફરોનિસ્સાદિકો ઈમામી-વ-મૂસલ કાઝિમો ઈમામી-વ-અલીયોનિર રિઝા ઈમામી-વ-મુહમ્મદોનિલ જવાદો ઈમામી -વ-અલીયોનિલ હાદીયો ઈમામી-વલ હસનુલ અસ્કીરીયો ઈમામી, વલ હુજ્જતુલ કાએમુલ મુન્તઝરો ઈમામી-હાઉલાએ સલવાતુલ્લાહે અલ્યહિમ અજમઈન અઈમ્મતી-વ-સાદતી-વ-કાદતી-વ-શુફઆઈ બેહિમ અતવલ્લઓ, વ મિન આઅદાએહિમ અતબર્રઓ ફિદ્દુન્યા વલ આખેરહ

**ભાષાંતર** : હે..... (અહિંયા મૈયતનું નામ અને પિતાનું નામ) જ્યારે તારી પાસે ખુદા-એ-તબારક-વ-તઆલાએ મોકલેલા બે ખાસ ફરિશ્તાઓ આવે અને તને તારા રબ વિષે - તારા નબી વિષે અને તારા દીન વિષે અને તારી કિતાબ વિષે અને તારા કિબ્લા વિષે અને તારા ઈમામો વિષે પૂછે તો તું ડરી

જઈશ નહી. અને શોકગ્રસ્ત પણ ના થતો અને તે બંનેને જવાબમાં કહી દેજે કે :-

અલ્લાહ જલ્લ જલાલહુ મારો રબ છે, અને કુરઆન મારી કિતાબ છે, અને કાઅબા મારો કિબ્લો છે અને અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ મારા ઈમામ છે, અને હસન-ઈબ્ને-અલી અલ-મુજતબા મારા ઈમામ છે, અને હુસૈન ઈબ્ને અલી કરબલાના શહીદ મારા ઈમામ છે, અને અલી ઝયનુલ આબેદીન મારા ઈમામ છે અને મુહમ્મદ-અલ-બાકિર મારા ઈમામ છે, અને જાઅફર અસ સાદિક મારા ઈમામ છે અને મૂસા અલ કાઝિમ મારા ઈમામ છે, અને અલી અર રિઝા મારા ઈમામ છે, અને મુહમ્મદ અલ જવાદ મારા ઈમામ છે અને અલી અલ હાદી મારા ઈમામ છે, અને હસન અલ અસ્કરી મારા ઈમામ છે અને અલ-હુજ્જતુલ-કાઈમુલ મુન્તઝર મારા ઈમામ છે. અને આ તમામ-

અલ્લાહની રેહમતો તેમના ઉપર હજો-મારા ઈમામ અને મારા સરદાર અને મારા માર્ગદર્શકો (પેશવા) અને મારી શફાઅત કરવાવાળાઓ છે. હું તેમના સર્વેના માટે (મારા હૃદયમાં) પ્રેમ (ની લાગણી) અને તેમના શત્રુઓ પ્રત્યે (મારા હૃદયમાં) ધિક્કાર અને નફરત (ની લાગણી) ધરાવુ છું. આ જગતમાં અને આખેરતમાં.

સુમ્મા એઅલમી યા ફાતેમા બિન્તે અલી (અહીંયા અગાઉ આપેલી સમજુતી મુજબ મૈયતનું નામ અને મૈયતના પિતાનું નામ લેવું) અન્નલાહા તબારકા-વ-તઆલા નેઅમર રબ્બો, વઅન્ના મુહમ્મદન સલ્લલ્લાહો અલયહે-વ-આલેહી નેઅમર રસૂલો-વ-અન્ના અમીરૂલ મોઅમેનીના અલી યિબ્ને અબી તાલિબ-વ-અવલાદહૂલ અઈમ્મતલ અહદા અશરા નેઅમલ અઈમ્મતો-વ-અન્ના માજાઆ બેહી મુહમ્મદુન સલ્લલ્લાહો અલયહે વ આલેહી હકકુન,

વ-અન્નલ મવ્તા હકકુન વ સોઆલા મુન્કરિન-વ-નકીરિન ફિલ કબ્રે હકકુન, વલ બઅસ હકકુન, વન્નુશૂરા હકકુન, વસ સિરાતા હકકુન, વલ મીઝાના હકકુન-વ-તતાએરૂલ કુતુબે હકકુન, વલ જન્નતા હકકુન, વન્નારા હકકુન, વ-અન્નસ સાઅતા આતેયતુન લારય્બા ફીહા, વ-અન્નલ્લાહા યબઅસો મન ફિલ કુબૂર

**ભાષાંતર** :- જાણી લે તુ હે..... (મૈયતનું નામ તથા પિતાનું નામ) ! નિ:શંકપણે અલ્લાહ બુઝુર્ગ અને સર્વશ્રેષ્ઠ સારો પરવરદિગાર છે, અને નિ:શંકપણે મુહમ્મદ (સ.અ.વ.) સારા પયગમ્બર છે, અને નિ:શંકપણે અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અલી તાલિબ અને તેમના વંશમાંના અગ્યાર ઈમામ સારા ઈમામ છે, અને મુહમ્મદ (સ.અ.વ.) જે કાંઈ (શરીઅત) લાવ્યા છે તે સત્ય છે, અને નિ:શંકપણે મૃત્યુ સત્ય છે, અને કબરમાં મુન્કર અને નકીર (બે

ફરિશ્તા) દ્વારા સવાલ સત્ય છે અને મૃત્યુ પછી પુન:જીવિત થવુ સત્ય છે, અને તમામનું એકત્ર થવું સત્ય છે, અને સિરાત સત્ય છે, અને મીઝાન (ન્યાયનું ત્રાજવું) સત્ય છે, અને નામએ આઅમાલ (દરેક વ્યક્તિએ કરેલ સારા અને નરસા કૃત્યોના હિસાબ-કિતાબના ચોપડા) ને ઉઘાડવાનું સત્ય છે અને જન્નત સત્ય છે અને જહન્નમ સત્ય છે અને નિ:શંકપણે (કયામતની) ઘડી આવવાની જ છે, અને નિ:શંકપણે જે જે લોકો કબરોમાં છે તેમને પુન:જીવિત કરશે જ.

યા ફાતેમા બિન્તેઅલી (અહિંયા અગાઉ આપેલી સમજુતી પ્રમાણે મૈયતનું નામ અને મૈયતના પિતાનું નામ લેવું)

સબ્બત-કિલ્લાહો બિલ કવલિસ સાબિતે-વ-હદાકિલ્લાહો ઈલા સિરાતિમ મુસ્તકીમ, અર્રફલ્લાહો બય્નકે વ બય્ના અવલિયાએકે ફી મુસ્તકર્રિમ મિન રેહમતેહી

**ભાષાંતર** : હે.... (મૈયતનું નામ અને મૈયતના પિતાનું નામ) અલ્લાહ તને તારા કૌલ (વાયદા) તરફ દોરી જાય, અને અલ્લાહ તને સીધા માર્ગ (સિરાતે મુસ્તકીમ) તરફ દોરી જાય, અને અલ્લાહ પોતાની દયાથી તારા અને તારા અવલિયા (પયગમ્બર સાહેબ અને અઈમ્મા) વચ્ચે પરિચય કરાવી દે (એટલે તને એમનો મિત્ર બનાવી દે)

અલ્લાહુમ્મા-જાફિલઅર્ઝા અન જમ્બયહા વસ ઈદ બેરૂહેહા ઈલયકા વલકકેહા મિન્કા બુરહાનન.

અલ્લાહુમ્મા અફવક-અફવક.

**ભાષાંતર** : યા અલ્લાહ (આની કબરમાં) બંને બાજુએ ધરતીને વિશાળ કરી દે. (આને ફિસારે કબ્રથી બચાવ) અને તેની રૂહને પોતાની તરફ ઉન્નત કર અને તારી સાબીતીઓ અને દલીલો તેના ઉપર પ્રગટ કર, હે પરવરદિગાર - ક્ષમા કર - ક્ષમા કર.

## ૮) તે પછી શું ?

### મૃતક :

એવી કલ્પના કરો કે તમે કોઈ અજાણી ભૂમિના પ્રવાસે જઈ રહ્યાં છો. આપણે જ્યારે હજ કે ઝિયારાત માટે જઈએ છીએ ત્યારે પણ પ્રથમ વખતે તો આજુબાજુની પરિસ્થિતિ અને વાતાવરણ આપણાં માટે અજાણ્યું હોય છે, લોકો નવા હોય છે. જોકે આપણે આપણાં ગ્રુપ સાથે હોઈએ છીએ તેમ છતાં જાણે અજાણે કોઈ અજાણી જગ્યાએ આવી ગયાં હોઈએ તેવી લાગણી થાય છે. તમે હરમમાં પહોંચો ત્યારે પણ તમારે ક્યાં જવું, શું કરવું તે અંગે માર્ગદર્શનની જરૂર પડે છે.

મૃતકે અનંતકાળના પ્રવાસની શરૂઆત કરી છે. આ એક નવું સ્થળ છે. મૃત આત્માને તેના કુટુંબીજનો, મિત્રો અને આસપાસના વાતાવરણની

ખોટ સાલે છે. કબર બંધ કરી દેવામાં આવી છે. અલ્લાહ ફરિશ્તાઓને મૃતકને સવાલ કરવા મોકલે છે. જે લોકો એ સવાબવાળા કામ કર્યા હશે તેમના માટે તો ચિંતાજનક કોઈ બાબત નથી, પરંતુ વાતાવરણ તો નવું જ છે. મૃતક આરામનો અનુભવ કરે અને કબરની મુશ્કેલીઓને ઉપાડી લઈ શકે તે માટે દફન વિધિમાં સામેલ થયેલ લોકો કબ્રસ્તાન બહાર ચાલ્યા જાય ત્યારે મૃતકના વાલી વારસો અથવા મૃતકના વાલી વારસો જેને આ કામગીરી સોંપે તે વ્યક્તિએ કબરની પાસે બેસીને તે વખતની મખસૂસ દુઆઓ પઢવી જોઈએ. આ દુઆઓનો ઉલ્લેખ આ પહેલાં કરવામાં આવ્યો છે. દા.ત. દુઆએ અદીલા અને કુઆર્ને શરીફ વિગેરે.

## શોકગ્રસ્ત પરિવાર :

જેના વગર આપણને આપણી જિંદગી નિરર્થક લાગે તેવી એકાદ વ્યક્તિ તો આપણાંમાંથી દરેક વ્યક્તિએ ગુમાવેલી હશે. તે એક ન જન્મેલ બાળક અથવા નવજાત શિશુનું મૃત્યુ પણ હોઈ શકે. જેનાથી મોટા જિવિત હોય તેવા તેજસ્વી યુવાનનું મૃત્યુ પણ હોઈ શકે. ભાઈ-બહેન કે મિત્રનું મૃત્યુ પણ હોઈ શકે અથવા જેમની ખામોશ દુઆઓ આપણને હર હંમેશ અને અપેક્ષિત આફતોથી બચાવતી રહી છે તેવા માતા-પિતા પણ હોઈ શકે. માતા-પિતાની દુઆઓ અંગે હઝરત મૂસા (અ.સ.)એ વર્ણવેલ એક પ્રસંગ જાણવા જેવો છે. જ્યારે હ. મૂસા (અ.સ.)ના માતાનું મૃત્યુ થઈ ગયું ત્યારે "તૂર"ના પર્વત ઉપર અલ્લાહે તેમને જણાવ્યું કે "હે-મૂસા ! હવે સાવધાન રહેજો કેમ કે જે હાથ તમારી દુઆ માટે હમેશાં ઉંચા

રહેતાં હતાં તે હાથ હવે રહ્યા નથી.... “તો પછી આપણે કેવી રીતે સાંત્વના મેળવવી ? આનો જવાબ છે ‘કરબાલાની કરૂણાંતિકાં !’

આયતુલ્લાહ આકાએ સીસતાનીના ફતવા મુજબ દફનવિધિ પછી શોકગ્રસ્ત કુટુંબીજનોને દિલાસો આપવો અને તેમની ભલાઈ માટે દુઆ કરવી “મુસ્તહબ” છે. પરંતુ દિલાસો આપવાથી મૃતકના કુટુંબીજનોને તે કરૂણ યાદો તાજી થઈ જાય તેમ હોય તો બનાવના ખૂબ લાંબા ગાળા પછી દિલાસો પણ આપવો જોઈએ નહીં. મૃતકના કુટુંબીજનોને ત્રણ દિવસ સુધી જમવાનું મોકલવું પણ ‘મુસ્તહબ’ છે.

મૃતકના કુટુંબીજનોને દિલાસો આપતી વખતે પણ એક ક્ષણ માટે પણ મૃતકને વીસરી જવો જોઈએ નહીં. આપણે જ્યારે આપણા સગાં વહાલાં અને મિત્રોની વચ્ચે હોઈએ છીએ ત્યારે

મૃતકને પણ પ્રાર્થના અને દુઆઓના સહારાની જરૂર હોય છે. આપણાં પયગમ્બર સાહેબ હઝરત ‘મોહંમદ મુસ્તફા’ (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે “મૃતકને તેની કબરમાંની પહેલી રાતે જેટલી તકલીફ પડે છે તેટલી તકલીફ પછી કદી નથી પડતી.”

મૃતકની દફનવિધિ પછીની પહેલી રાતે “નમાઝે વેહશત” પઢવી જોઈએ. આ નમાઝ મૃતકને તેના સગાંવહાલા તરફથી એક ભેટ છે.

**નમાઝનો તરીકો નીચે મુજબ છે.**

પહેલી રકઅતમાં સૂરએ હમ્દ પછી એક વખત “આયુતુલ કુર્સી” બીજી રકઅતમાં સૂરએ હમ્દ પછી દસ વખત “સુરએ કદ્ર.”

પહેલી રાત્રે કોઈ પણ સમયે ‘નમાઝે વહશત’ પઢી શકાય. પરંતુ ઈશાંની નમાઝ પછી

તુર્ત અથવા તે પછી રાત્રીની શરૂઆતના કલાકોમાંજ આ નમાઝ પઢી લેવી બેહતર છે.

મરહુમના ગુનાઓની માફીની દુઆ માટે અલ્લાહની ખુશનૂદી માટે ૨ રકઅત “નમાઝ-એ-મય્યત” પણ પઢી શકાય છે જેની પહેલી રકઅતમાં સૂરએ હમ્દ પછી સૂરએ કદ્ર અને બીજી રકઅતમાં સૂરએ હમ્દ પછી સૂરએ કવસર

નમાઝ (એટલે નમાઝે વહશત અથવા નમાઝે હદય-એ-મય્યત) પછી નીચે મુજબ તે બખ્શી દેવી જોઈએ.

અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહંમદિંવ-વ-આલેમહંમદ વબઅસ સવાબહા ઈલા કબરે (તે પછી મૃતક અને તેના પિતાનું નામ લેવું.)

## દિલાસો-તસલ્લી અને સાથ સહકાર :

મૃત્યુ એ અનિવાર્ય હકીકત છે. તેમ છતાં જ્યારે આપણને પોતાને આપણા કોઈ વહાલા વ્યક્તિની મૃત્યુની પરિસ્થિતિનો સામનો કરવાનો થાય છે ત્યારે વિચલિત થઈ જવાય છે. પોતાની દરરોજની પ્રવૃત્તિમાં પાછા પરોવાઈ જવામાં અને આવી પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે આપણને દરેકને સહાયતાની જરૂર પડે છે.

જેનો કોઈ કુટુંબીજન ગુજરી ગયેલ હોય તે કુટુંબનો હક છે કે તેમના સગાવહાલા તેમને દિલાસા અને તસલ્લીના બે શબ્દો કહે. તે એક દુ:ખદ સમયગાળો હોય છે. "શું થયું હતું ? તે કેવી રીતે મૃત્યુ પામ્યાં ? તેવા શબ્દો કહેવાને બદલે તેવે વખતે આ ફાની દુનિયા છોડી ગયેલ વ્યક્તિની સારી બાબતો શા માટે યાદ ન કરવી જોઈએ ? તેની

સાથેના કેટલાંક અવિસ્મરણીય અનુભવો, તેણે તમને કહ્યા ‌હોય તેવા સારા શબ્દો, તે વ્યક્તિ કેટલો મદદરૂપ થતો હતો તે, વિગેરે બાબતો કહેવી જોઈએ. આપણી દરરોજની ભાગદોડવાળી જીંદગીમાંથી થોડો સમય કાઢી થોડાંક રચનાત્મક અભિગમનો પરિચય આપી મૃતકના કુટુંબીજનોની ખબર અંતર જાણવા / પૂછવા તેના ઘરે જવું જોઈએ. (તે શક્ય ન હોય તો) દિલાસાના બે શબ્દો તો પત્ર/ઈ-મેઈલ દ્વારા પણ મોકલી શકાય ને ? ને એવું પણ લખી શકાય કે (અને ખરેખર તે હકીકત હોય તો) આજે મેં મરહુમને યાદ કર્યા અને તેમના માટે બે રકાત નમાઝે શબ પઢી અથવા આજે હું આ શહેરમાં છું, મારૂં કાંઈ કામ હોય તો મને કહેજો, આ વાતાવરણમાં તમને કામકાજની જગ્યામાં કેવું લાગે છે ? વિગેરે -આવી અસંખ્ય રીતોથી પોતાની લાગણી અને સહૃદયતા પ્રગટ કરી શકાય.

**નોંધ** : શરીઅતના નિયમો દરેક વખતે યાદ રાખવા જરૂરી છે. કોઈ ‘મુસ્તહબ’ કામ કરતી વખતે કોઈ ‘હરામ’ કામ ન થઈ જાય તેનો પણ ખાસ ખ્યાલ રાખવો જોઈએ.

મૃતકના વસીયતનામાને લક્ષમાં લઈને તેના વારસાને “ઈશ્નાઅશરી અકીદા”ની શરીઅત મુજબના વારસોમાં વહેંચી દેવું જોઈએ. આપણાંમાંના દરેકે એક દિવસ આ ફાની દુનિયાનો ત્યાગ કરવાનો છે જ. તેથી દુન્યવી અભિગમને ત્યાગી મૃતકના કુટુંબીજનો વચ્ચે પ્રેમની લાગણી જળવાઈ રહે તે રીતે મૃતકના વસીયતનામા અને શરીઅતના કાયદા કાનૂન પણ જળવાઈ રહે તે રીતે વર્તવું જોઈએ.

ઈબાદતોમાં મૃતકને યાદ કરવો-સદકો આપવો વિગેરે તમામ મૃતકને ફાયદો પહોંચાડનાર કામો છે જે મરહુમને પહોંચે છે અને (તેના ઉપરનો

અઝાબ ઓછો કરવામાં) તેને મદદરૂપ થાય છે. મૃતકને સવાબ પહોંચે તે માટે 'સવાબે જારીયહ' વાળા કામોમાં ખર્ચ કરવો જોઈએ. આપણે એ વાતની ખાત્રી રાખવી જોઈએ કે આપણાં મરહુમીન આપણાં (આવા) કામોથી વાકેફ થાય છે તેઓ તેનાથી પ્રસન્નતા અનુભવે છે. અવલાદ માટે મા-બાપની દુઆઓ કબરની ઉંડાઈમાંથી પણ એટલી જ ફળદાયી હોય છે.

## કબ્રસ્તાનની મુલાકાત :

ઈમામ જાફરે સાદિક (અ.સ.)એ ફરમાવ્યું છે કે એક મૃત્યુ પામેલા મુસ્લિમનો બીજા જીવિત મુસ્લિમ ઉપર એ હક છે કે તે જીવિત મુસ્લિમ મૃત્યુ પામેલા બીજા મુસ્લિમની કબરની મુલાકાત લે.

કબરો જુઓ ત્યારે (કબ્રસ્તાનમાં જાવ ત્યારે કબરો જોઈને) દફન કરવામાં આવેલા મરહુમીન

(એહલિલ કુબુર) પર સલામ મોકલો અને નીચે મુજબની દુઆ પઢો.

કિબ્લારૂખ ઉભા રહીને મરહુમીનને એક વખત સૂરએ ફાતેહા (સૂરએ હમ્દ) પઢીને બખ્શો. કોઈની પણ કબર ઉપર જાવ ત્યારે શક્ય હોય તો નીચે મુજબના સૂરા અને આયતો પઢીને તેમના ગુનાહો અલ્લાહ તબારક-વ-તઆલા માફ કરી દે તે માટે (મગફિરતની) દુઆ કરો.

**૧. સૂરએ ફાતેહા (સૂરએ અલ-હમ્દ)**

**૨. સૂરએ કદ્ર**

**૩. આયતુલ કુર્સી**

**૪. સૂરએ ફલક**

**૫. સૂરએ નાસ**

**૬. સૂરએ યાસીન**

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે “મારે કોઈ મુસ્લિમની કબર ઉપરથી ચાલવું

પડે તેના કરતાં હું સળગતા રણમાંથી અથવા આગ ઉપરથી કે તેજ ધારવાળી તલવાર ઉપરથી ચાલવાનું પસંદ કરીશ.”

“યા અલી મારા અનુયાયીઓને માટે એ અશોભનીય છે કે તે કબ્રસ્તાનમાં (મોટેથી) હસે.”

જો કોઈ વ્યક્તિ ખૂબ જ સgg મુશ્કેલીમાં હોય તો તેણે પોતાના પિતા કે માતાની કબર પાસે ઉભા રહીને પોતાના પિતા/માતાને અલ્લાહ તબારક-વ-તઆલાની બારગાહમાં પોતાના માટે દુઆ કરવા વિનંતી કરવી જોઈએ. ગફુરૂર્રહીમ ખુદા પોતાની રહેમતથી કોઈ મરહૂમ / મરહુમાની પોતાની ઔલાદ માટેની દુઆ (હમેશાં) કબુલ ફરમાવે છે.

**આપણી બીજી કોઈ જવાબદારીઓ છે ? :**

અલ્લાહની મરજીને તાબે થઈને જ આપણે જીવન જીવવાનું છે. કેમ કે એક માત્ર અલ્લાહ હંમેશાં રહેનાર છે, તે જ આપણો પાલનહાર છે. તેજ

આપણને પોષનાર છે. તેજ આપણને બચાવનાર છે.

**શું એનો અર્થ એ થયો કે શોકગ્રસ્ત પરિવાર/મિત્રો પ્રત્યે આપણી આટલી જ જવાબદારીઓ છે ?**

પવિત્ર કુઆર્નમાં છે કે : “હલ જઝાઉલ એહસાન, ઇલ્લલ એહસાન”

આપણે જ્યારે મરહુમ / મરહુમાને આપણી ઈબાદતોમાં યાદ કરીએ છીએ, તેમના માટે કુઆર્ન વાંચન કરીએ કે દુઆ માંગીએ છીએ ત્યારે આપણને પણ મહત્તમ સવાબ મળે છે. મરહુમ / મરહુમાના ફાતેહાના દિવસની વિધી એક ફક્ત રીત રિવાજ તરીકે કરવી જોઈએ નહીં પણ આપણે આપણા હ્રદયના ઉંડાણમાંથી તેમના માટે દુઆ સાથે તેમને યાદ કરવા જોઈએ.

આપણાં મુજતહેદીન-ઉલેમા-માતા-પિતા-બાળકો કુટુંબીજનો અને મિત્રોએ પોતપોતાની રીતે

આપણને સુખી રાખવા તમામ પ્રયત્ન કર્યા છે અને કોઈને કોઈ રીતે આપણાં ઉપર અહેસાન પણ કર્યા છે, તેમના અહેસાનનું ઋણ અદા કરવા માટે આના કરતાં વધારે સારો બીજો કયો માર્ગ હોઈ શકે ! કોઈને તે બાબતનું વળતર (ઉજરતા) આપીને પણ મરહુમની કઝા-નમાઝો-રોઝા અને હજ પૂરા કરાવવા જોઈએ. કોઈ વ્યક્તિએ પોતે તેમ કરી શકે તેમ હોવા છતાં વાજિબ નમાજ અદા ન કરી હોય અને પોતાની જીંદગીમાં આવી કઝા થયેલ નમાઝો પણ ન પઢી હોય તો તેના મૃત્યુ પછી તેના સૌથી મોટા પુત્ર ઉપર તે કઝા નમાઝો પઢી લેવી / પઢાવી લેવી તે 'એહતિયાતે-વજુબી' છે. પોતાની માતાની કઝા નમાઝ પઢી લેવી / પઢાવી લેવી સૌથી મોટા પુત્ર ઉપર વાજિબ નથી પરંતુ તે (સૌથી મોટો પુત્ર) માતાની કઝા નમાઝો પણ પઢી / પઢાવી લે તો તે બહેતર છે.

જો કોઈ વ્યક્તિ એવું ‘વસીયતનામું’ કરે કે તેના તમામ ‘કઝા વાજિબાત’ ને પૂરા કરવામાં આવે તો તેના વસીયતનામાનો અમલ કરાવનાર વ્યક્તિએ તેની તમામ “કઝા વાજિબાત” અદા થાય તે ખાસ જોવું જોઈએ.

**શું આપણે જે ‘તોહફા’ મોકલીએ છીએ તે આપણા મરહુમ/મરહુમા સુધી પહોંચે છે ?**

**સૈયદ હુસૈન મુદર્રિસીએ વર્ણવ્યું છે કે :-**

તેમના એક મહિલા સગાએ તેમના મરહુમ પિતાને સપનામાં જોયા. તેમના પિતાનો ચેહરો (નુરથી) ચમકતો હતો. તેમની પાસે જ એક સ્ત્રી અત્યંત સુંદર વસ્ત્રોની ગડી વાળતી હતી. તે સ્ત્રીએ પોતાની જિંદગીમાં આ દુનિયામાં આવા સુંદર વસ્ત્રો કદી જોયાં પણ નહોતાં. તે સ્ત્રીએ તેના પિતા પાસે સુંદર વસ્ત્રોને ગડી વાળતી જે સ્ત્રી હતી તેને પુછ્યું કે આવા સુંદર વસ્ત્રો ક્યાંથી આવ્યાં તો તે ગડી

વાળતી સ્ત્રીએ કહ્યું કે આ વસ્ત્રો તેના પિતા માટે તેમના એક દીકરાએ મોકલ્યાં છે.

આ સ્ત્રી કે જેણે આ સપનું જોયું હતું તેણે પોતાના મરહુમ પિતાના તમામ સગાઓને પુછ્યું કે તેમણે તેના પિતા માટે કોઈ સારૂં કામ (સવાબનું કામ) કર્યું છે. ત્યારે સૈયદના એક ભાઈએ ક્ષોભપુર્વક કહ્યું કે હા તેણે યતીમોને આપવા માટે કેટલાંક વસ્ત્રો તૈયાર કરાવ્યાં હતાં પરંતુ ખરેખર તેણે તે વસ્ત્રો (હજી સુધી) વહેંચ્યા નહોતાં.

સૈયદને એ જાણીને ખૂબ જ આશ્ચર્ય થયું કે ધર્માદાનું કામ (સવાબનું કામ) પુરૂ કરવામાં ન આવ્યું હોય અને તેનો ફક્ત ઈરાદો કરવામાં આવ્યો હોય તે સંજોગોમાં પણ તે કામનો બદલો મરહુમને અલ્લાહ તરફથી મળી જાય છે. (અલ-કિસસ-વલ-ખવાતિર પેજ. ૧૨૧)

આપણા મહાન વિદ્વાન અલ્લામા મુહમ્મદ હુસૈન અલ હુસૈની અલ તેહરાનીએ કહ્યું છે કે આપણે કોઈ મરહુમ (ની રૂહના સવાબ) માટે કોઈ ધર્માદાનું કામ કરીએ તે કામ પૂરેપૂરા માનની ભાવના સાથે કરવું જોઈએ.

તેમણે આ બાબતમાં એક ઘટના પણ સંભળાવી હતી જે તેમને ઈસ્લામના એક બીજા મહાન વિદ્વાન આગા બુઝર્ગ અલ તેહરાનીએ વર્ણવી હતી. તેમણે કહ્યું કે આગા તેહરાની એ ફરમાવ્યું કે "હું જ્યારે નાનો હતો અને મારા કુટુંબ સાથે તેહરાનમાં રહેતો હતો ત્યારે મારા દાદીમાના અવસાનના થોડા દિવસોમાં જ એક દિવસ હું મારી માતાજી સાથે રસોડામાં હતો અને મારી માતાજી કાંઈક રાંધતા હતા. તે વખતે એક ભિખારીએ દરવાજો ખખડાવ્યો અને આગા બુઝુર્ગ (કે જે હજુ બાળક હતા) એ પોતાની દાદીમાંના રૂહના સવાબ

માટે કાંઈક ખાવાનું ભિખારીને આપવાનું વિચાર્યું. તેમને તે વખતે કાંઈ એવું યોગ્ય વાસણ મળી આવ્યું નહીં કે જેમાં તે ખાવાનું મૂકીને ભિખારીને આપી શકે તેથી ઉતાવળમાં બાથરૂમમાં વપરાતું હતું તેવા એક વાસણમાં ખાવાનું નાંખીને તે ખાવાનું ભિખારીને આપી દીધું.

તે રાત્રે તેમના પિતાજીનું એક વિચિત્ર સપનું આવ્યું અને અર્ધ રાત્રીએ ઉંઘમાંથી જાગી ગયાં. તેમણે આગા બુઝુંર્ગના માતાને જગાડ્યા અને તેમને પોતાને આવેલ સપનું વર્ણવતાં કહ્યું કે મેં મારા માતાજીને અત્યારે સપનામાં જોયાં તે નારાજ હતાં કેમ કે તેમની રૂહના સવાબ માટે કોઈએ બાથરૂમમાં વપરાતાં વાસણમાં દાન આપ્યું છે અને તેથી તેમની સહેલીઓ તેમની મજાક ઉડાવે છે. તેમણે ભારપૂર્વક કહ્યું છે કે તમે જ્યારે કોઈ

મરહુમની રૂહના સવાબમાં કાંઈક દાન કરો તો પૂરેપૂરા માન સાથે આપવું જોઈએ.

આગા બુઝુર્ગએ વધુમાં એવું પણ ઉમેર્યું હતું કે તેમના માતાજી આ સાંભળીને દુ:ખી થઈ ગયાં હતાં અને પોતાની યાદદાસ્ત તાજી કરતાં તેમને યાદ આવ્યું હતું કે આગા બુઝર્ગે એક ભીખારીને બાથરૂમમમાં વપરાતા વાસણમાં ખાવાનું આપી દીધું હતું. (મઆદ-શિનાસી પાનં. ૧૮૮)

**(નોંધ** : યાદ કરો કે આપણે કેટલી વખત મરહુમીનના સવાબ માટે દાન કર્યું છે ? આપણને એ યાદ નહીં હોય ! પરંતુ યાદ કરો કે આપણે જે વસ્તુઓ પોતે વાપરવા માંગતા હોઈએ તેવી વસ્તુઓ અથવા આપણને પસંદ હોય તેવી વસ્તુઓ કેટલી વખત દાનમાં આપી છે ? અને એ પણ યાદ કરો કે આપણા માટે બિન ઉપયોગી હોય-જે આપણને જોઈતી ન હોય અથવા નક્કામી હોય

તેવી વસ્તુઓ આપણે કેટલી વખત દાનમાં આપી છે ? તો આપણને ખુદને એ હકીકતનો અહેસાસ થશે કે “આપણે કાંઈ સારૂ કામ કરી રહ્યાં છીએ ? એવા વિચાર સાથે આપણે આવી નકામી વસ્તુઓ ગર્વભેર દાનમાં આપતાં હતાં.)

આપણા પયગમ્બર સાહેબ (સ.અ.વ.)ના સઅદ નામના એક સહાબી જંગમાં મદીનાથી બહાર ગયેલા હતા. રસ્તામાં જ સઅદ ને સમાચાર મળ્યાં કે તેમની માતા કે જે બિમાર હતા તે અવસાન પામ્યાં છે. સઅદ પોતાની માતાને ખૂબ જ ચાહતાં હતાં તેથી પયગમ્બર સાહેબ (સ.અ.વ.) પાસે આવ્યાં અને કહ્યું કે તે પોતાની માતા વતી દાન કરવા માંગતા હતા પરંતુ હવે (તેમનું અવસાન થયું છે તેથી) તે શક્ય નથી.

તે પછી તેમણે પયગમ્બર સાહેબ (સ.અ.વ.)ને પૂછ્યું કે શું તેમની માતાના મૃત્યુ પછી

પણ તેમના વતી કોઈ વસ્તુ દાનમાં આપી શકે છે ? પયગમ્બર સાહેબ (સ.અ.વ.) એ હા પાડી. તે પછી સઅદે પુછ્યું કે સૌથી શ્રેષ્ઠ દાન શું હોઈ શકે ? પયગમ્બર સાહેબે જવાબ આપ્યો કે મેદાને જંગના માર્ગમાં તમે પોતે જોએલું કે સૈનિકો તરસ્યાં હતાં અને પાણીની ખૂબ જરૂર હતી, તેથી પયગમ્બર સાહેબ (સ.અ.વ.)એ સઅદને માર્ગમાં કૂવો ખોદાવવા સૂચન કર્યું જેથી ત્યાંથી પસાર થતાં કાફલા તે કુવાના પાણીનો લાભ લઈ શકે અને તે દાન વરસો સુધી સતત લાભ આપતું રહે તેવું દાન હશે. સઅદ તે હુકમ બજાવી લાવ્યાં. (અલમઆદ - ભાગ-બે, પેજ ૨૧૯)

## સામાન્ય રીતે પૂછવામાં આવતાં-મનમાં ઉદભવતાં કેટલાંક પ્રશ્નો

- કબર બંધ કરી દેવામાં આવે છે તે પછી શબ (મૃત્યુ પામેલ શરીર)નું શું થાય છે ?

- મુન્કર અને નકીર જે પ્રશ્નો પૂછે છે તે મૃતકના શરીરને પૂછે છે કે તેની આત્મા (રૂહ) ને પૂછે છે ?

- આ પ્રશ્નોત્તરી કેટલા લાંબા સમય સુધી ચાલે છે ?

- આપણે કેવી રીતે જાણી શકીએ કે મૃતકની પ્રશ્નોત્તરી પૂરી થઈ ગઈ કે નહીં ?

- જો મૃતકે પ્રશ્નોના ઉત્તરો સારી રીતે આપ્યાં હોય તો તે પછી શું થાય છે ?

- મૃત્યુ પામનાર માટે આપણે જે કાંઈ કહીએ કે તેમના માટે જે કાંઈ કરીએ તેની જાણ તેને થાય છે ખરી ?

- શું મૃતકની આત્મા (રૂહ)ને તેના પરિવાર કે મિત્રોની મુલાકાત લેવાની પરવાનગી મળે છે ?

- (મૃત્યુ પામેલ વ્યક્તિ વિશે) આપણે કોઈ સપનું જોઈએ તો તેનો અર્થ શું કરી શકાય ?

- જો આપણે કોઈ મરહુમ વ્યક્તિને સપનામાં દુ:ખી હાલતમાં જોઈએ તો શું એનો અર્થ એ થાય કે તે દુ:ખી પરિસ્થિતિમાં છે ?

- જો ઉપરના પ્રશ્નોનો જવાબ 'હા' માં હોય તો એક મરહુમ વ્યક્તિને જુદા જુદા લોકો તે જ સમયે જુદી જુદી પરિસ્થિતિમાં કેવી રીતે જુએ છે ?

- કબરો ઉપર વૃક્ષ/છોડવા ઉગાડવાનું શું તાત્પર્ય છે ?

- શું કોઈ વ્યક્તિ પોતાના કુટુંબીજન કે મિત્રની કબર ઉપર તેના સૌથી નજીકના સગાની પરવાનગી વગર વૃક્ષ ઉગાડી શકે ? અથવા બોર્ડ (તકતી) મૂકી શકે ?

- શું મરહૂમીન પયગમ્બર સાહેબ (સ.અ.વ.) અને તેમના 'એહલેબૈત' (અ.સ.)ના સંપર્કમાં હોય છે ?

- શું મરહુમીન અન્ય પયગમ્બરો અને ફરિશ્તાઓને મળી શકે છે ?

- એક જીવિત વ્યક્તિને સપનામાં મૃત્યુ પામેલી જોવાનો શો અર્થ છે ?

આ પ્રશ્નોના જવાબો શોધો અને એ રીતે વધારેથી વધારે જ્ઞાન મેળવો અને મૃત્યુ પછીના અનંત જીવન વિશે જાગૃકતા કેળવો.

**નોંધ** : (૧) દુઆઓ ને તેના ઉચ્ચારણોની ચોક્કસતાની બાબતે મફાતીહુલ જિનાન જુઓ.

(૨) એ બાબતની નોંધ લેવી કે દરેકે પોતાના “મરજએ-તકલીદ” ના મસાઈલને અનુસરવાના હોય છે.

(૩) મૃત્યુ-ગુસ્લ-કફન-દફનવિધિ એ બાબતો અંગે પોતાના “મરજઅ” યા તે બાબત અંગેના પુસ્તકોનો ઝીણવટપૂર્વક અભ્યાસ જરૂર કરો.